॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥

ૐ

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી
## અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૬ સંવત ૨૦૭૦ આસો, ઓક્ટોબર – ૨૦૧૪, અંક – ૧૦

# 'વેદ રહસ્ય' સામયિક સભ્યોને ખાસ વિજ્ઞાપન

- ✓ 'વેદ રહસ્ય' દર મહિનાની પાંચ તારીખે પ્રગટ થાય છે.
- ✓ 'વેદ રહસ્ય' નું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધી ગણાય છે.
- ✓ પત્રવ્યવહારમાં ગ્રાહક નંબરનો અવશ્ય ઉલ્લેખ કરવો
- ✓ સરનામા ફેરફાર થાય તેમજ તા. પંદર સુધીમાં અંક ન મળે તો પત્રથી ફોન નંબર સાથે અથવા ફોન દ્વારા અથવા રૂબરૂ પ્રકાશકશ્રીના સરનામે જાણ કરવી
- ✓ જે સભ્યોનું વાર્ષિક લવાજમ પુરૂ થાય અને ડીસેમ્બર મહિનાની તા. ૧૫ સુધીમાં લવાજમ ભરવામાં ન આવે તો અંક આપોઆપ ત્યાર પછીના મહિનાથી બંધ થયેલ ગણવામાં આવશે.
- ✓ વર્ષની વચ્ચે કોઈપણ મહિનામાં વાર્ષિક સભ્ય થયા હશે તો પણ વર્ષ ડીસેમ્બર માં પુરૂ થયેલું ગણાશે.
- ✓ કોઈપણ જાતનું લવાજમ ભરીને કાર્યાલયમાંથી ફરજીયાત પહોંચ મેળવી લેવાની રહેશે.
- ✓ લેખો, ભજનો, કીર્તનો વગેરે ધાર્મિક, આધ્યામિક, જીવન ઉપયોગી હોવા જોઈએ. લેખો–ભજનો–કીર્તનો વગેરે ઉપર જાણાવ્યા પ્રમાણે અનુરૂપ નહીં હોય અથવા કોઈપણ પુસ્તકના કે છાપાના ઉતારા હશે અને પ્રગટ કરવા જેવા નહીં લાગે તેવા લેખો–ભજનો–કીર્તનો વગેરે રદ કરી શકાશે અને લેખકોને પરત મોકલવામાં આવશે નહીં. લેખકોને કોઈપણ જાતનું મહેનતાણુ કે પુરસ્કાર આપવામાં આવતો નથી.
- ✓ પ.પૂ. શ્રી મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની શુભ પ્રેરણા અને અસીમ કૃપાથી 'વેદ રહસ્ય' સામયિકનો શુભ આરંભ થયેલ તેમજ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજની પ્રેરણા તેમજ આશીર્વાદથી અને તેમના માર્ગદર્શન નીચે સેવક સમુદાય દ્વારા સુરત થી પ્રગટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સામયિકની પ્રવુત્તિ અને વિકાસ વધતો જ જાય છે. તેથી આપ સૌ સેવક–ભકતોને નિવેદન કરવામાં આવે છે કે વાર્ષિક લવાજમ ભરીને વારંવાર સભ્ય થવું, લવાજમ ભરવામાં નિયમિતતા જળવાય નહીં, તેના બદલે આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બની જાઓ તો તમારે અને કમીટી મંડળ બંનેને ઘણી સાનુકૂળતા થઈ જાય અને વહીવટમાં પણ સુગમતા રહે. તેથી આપ સૌ સેવક–ભકતો આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બનો અને બીજાને બનવાની પ્રેરણા અને ઉત્સાહ વધારો જેથી આપે સત્સંગ સાહિત્યની મહાન સેવા કરી ગણાશે.
- ✓ લવાજમની રકમ રોકડેથી ભરી શકાશે તેમજ ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફટથી પણ લવાજમ ભરી શકાશે. ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફટ વગેરે **''શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ''** ના નામનો કઢાવવાનો રહેશે અને પ્રકાશકશ્રીના સરનામે મોકલવાનો રહેશે.

## ખાસ સૂચના

લેખ, ભજન કે કીર્તન મોકલનારે તારીખ સાથે પોતાનું સ્વચ્છ સરનામું તથા ફોન નંબર આપવાનો રહેશે તેમજ લેખ, ભજન કે કીર્તનના અંતમાં પોતાની સહી કરવાની રહેશે. સહી કરેલા લેખ, ભજન કે કીર્તન સારા અક્ષરોમાં હાસિયો છોડીને લખેલા હશે તો જ માન્ય ગણાશે. ઝેરોક્ષ કરેલા લેખ, ભજન કે કીર્તન માન્ય રહેશે નહીં.

**સંપર્ક નં. મો.: ૯૮૨૭૪ ૨૬૯૦૧, ૯૮૯૮૩ ૨૨૬૫૦, ૯૮૨૪૧ ૮૧૩૭૬**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામીશ્રી
અખંડાનંદ સાગર વેદાન્તાચાર્ય

વર્ષઃ ૩૬ / ઓક્ટોબર-૨૦૧૪ / અંક-૧૦

## અનુક્રમણિકા


૨ કઠોપનિષદ્
કૃષ્ણા કે. ભરોડિયા (પાલડી)

૬ સત્સંગનો મહિમા
લવજીભાઈ કે. સવાણી (નાવડા)

૮ શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્
કૃષ્ણા કે. ભરોડિયા (પાલડી)

૯ સુખકર ઘડપણ
હસમુખભાઈ પટેલ

૧૧ પરમાત્માને જાણવા...
પટેલ દેવીકાબેન જે. (ઓઝરાળા)

૧૨ આત્મસંયમ
મીનાક્ષીબેન આઈ. પટેલ (અમદાવાદ)

૧૪ મોક્ષ પ્રાપ્તિનું મહાપર્વ
ભૂમિ અનિલ માંગુકીયા (સુરત)

૧૫ કર્મબંધનથી મુક્ત
ભગવાનભાઈ સી. ભલાણી (વલ્લભીપુર)

૧૬ ગુરૂ પરંપરા
રણછોડભાઈ ધનજીભાઈ (અધેવાડા)

૧૭ ઉપશમ વૃતિ
ચંપકભાઈ બી. મીસ્ત્રી (ધર્મજ)

૧૭ ગુરૂની કૃપા
ગોહિલ પૃથ્વીરાજસિંહ અજીતસિંહ (વસ્તડી)

૧૮ ભજન
આશાબેન (ચમારડી)

૧૯ સત્સંગ સમાચાર
સંકલિત

૨૦ સત્સંગ સમાચાર
સંકલિત


જય સચ્ચિદાનંદ
ૐ

**: માધવ પીઠાધિપતિ :**
"પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય"
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫૦૦૪

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ,
સુરત–૩૯૫ ૦૦૪

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ,
સુરત–૩૯૫ ૦૦૪

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા
**વેદ રહસ્ય કાર્યાલય**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪
ફોન ન. ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

**: માનદ સંપાદકીય સલાહકાર :**
"પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય"
૧. કેશવભાઈ ગીગાભાઈ ભરોડિયા (પાલડી)
૨. બાબુભાઈ નાનજીભાઈ કોશીયા (અંકેવાળીયા)
૩. ગોરધનભાઈ જગાભાઈ ગાબાણી (પીપળીયા)


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૫ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**વેદ રહસ્ય કાર્યાલય**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ–નાસિક–૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ...**

**ગુરુ સાક્ષાત્ પરંબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ**

તો ઉપનિષદોમાં ગુરુને સર્વત્ર ભગવત્ સ્વરૂપે કહેવામાં આવે છે કેમ કે ગુરુ ભગવાન છે તો તમને ભગવાન બનાવશે, શું કરશે ? બોલો પછી ગુરુ જ મનુષ્ય હોય તો, તમને શું બનાવે ? બોલો, બનાવી શકે કંઈ ? એટલે ગુરુમાં ભગવત્ દ્રષ્ટિ કરવી એટલે જ ગુરુ કેવા હોવા જોઈએ ? **'શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં'** શ્રોત્રિય હોય અને બ્રહ્મનિષ્ઠ હોય **'ब्रह्मविद ब्रह्मैव भवति ।'** જે બ્રહ્મજ્ઞાની હોય તે બ્રહ્મ સ્વરૂપ બની જાય એમાં ભેદ રાખવો નહીં.

**સદ્‌ગુરુ છે પુરણ બ્રહ્મ કે મૂર્તિ બ્રહ્મની જી રે,**
**તેમાં આણીશમાં દેહભાવ, કે મોટો મર્મ છે જી રે,**
**સદ્‌ગુરુ છે ચૈતન્ય બ્રહ્મ,જીવન ધન્ય જાણીએ જી રે,**
**જો આપે ભજીએ બ્રહ્મરૂપ તો બ્રહ્મને ભાળીએ જી રે.**
(મૂળદાસજી)

જેવી જેની ભાવના હોય તેવું તેને દેખાય ભગવાન શ્રી કૃષ્ણને તમે ભરવાડ સમજો કે મનુષ્ય સમજો તો એ લાભ મળશે. પણ જો ગુરુ સમજો કે ભગવાન સમજો તો એ લાભ મળશે. તો જેવી જેની ભાવના હોય તેને તે દ્રષ્ટિથી દેખાય છે. એટલા માટે – **'यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ।'** તો અહીં કહે છે – **'नमो भगवते वैवस्वताय ।'** કે વૈવસ્વતાય મૃત્યવે ભગવતે નમસ્કાર અને **ब्रह्मविद्याचार्याय** એટલે બ્રહ્મ વિદ્યાના આચાર્ય છે એવા **'नचिकेतसे च'** નચિકેતાને પણ નમસ્કાર. કેમ કે નચિકેતા પણ બ્રહ્મરૂપ બની ગયા છે. શું બની ગયા છે ? બોલો. તો આ રીતે એનું ભાષ્યમાં બતાવતા ઉપનિષદ્‌ના મંત્રનો આરંભ કરતાં કહે છે –

**वाजश्रवसका दान**

**ॐ उशन्ह वै वाजश्रवसः सर्ववेदसं ददौ ।**
**तस्य ह नचिकेता नाम पुत्र आस ॥१॥ १–१–१ ॥**

ૐ એ મંગલાચરણ છે. **ૐ** એ પરમાત્માનું નામ છે એ પ્રસિધ્ધ છે. **'उशन्ह वाजश्रवसः'** કે વાજશ્રવા નામના મોટા એક ઋષિ હતા. એણે 'સર્વવેદસં દદૌ ।' યજ્ઞમાં સર્વસ્વ (બધું) દાન આપી દીધું. **'तस्य ह नचिकेता नाम पुत्र आस ।'** તો પહેલાં સર્વસ્વ દાન કરવાનો યજ્ઞ થતો એ યજ્ઞમાં સર્વસ્વનું દાન કરી દેવું, શું કામ ? કે જેવા આવ્યા તેવા થઈ જવું, છૂટા થઈ જવું. કેમ કે મરેને ત્યારે સાવ ખાલી થવાના છે, તો એકવાર જીવતા મરી જાણવું. જે મર્યા પછી કરવાનું છે, તે પહેલા કરી જવું. જો એવું જ કરવાની ટેવ પહેલા પાડોને તો મરતી વખતે દુઃખ ન પડે. શું ન પડે ? બોલો ! દુઃખ ના પડે એટલા માટે પહેલા એવું કરી જવું કે પહેલા આપણે જન્મ્યા ત્યારે ખાલી આવ્યા હતા અને એકવાર એવો દાનયજ્ઞ કરી દેવો કે જેમાં સર્વસ્વ દાન કરે, એ વખતે આપણે હતા એવાને એવા થઈ જવું અને મરતા વખતે પણ સાવ ખાલી થઈ જવાનું છે. આપણે સાવ ખાલી થતાં શીખવા માટે એક સર્વસ્વ નામનું દાન નામનો યજ્ઞ કરવામાં આવે છે જેથી માનવને પૂર્ણ ત્યાગ થઈ જાય, પૂર્ણ પરમાત્મામાં નિષ્ઠા થઈ જાય કે જે ભગવાને ગર્ભમાં મારી પાસે કંઈ ન હતું તોય મારી રક્ષા કરી હતી તો અત્યારે કંઈ નહીં હોય તો પણ મારી રક્ષા થશે થશે ને થશે. એ નિષ્ઠા કેળવવા માટે ભગવાન અવશ્ય મારું

કરશે. ભગવાનમાં નિષ્ઠા છે કે નહીં એ જાણવા માટે પહેલાં સર્વસ્વ દાન કરી દેતા. તો સર્વસ્વ દાન દેવા માટે સરસ મોટો યજ્ઞ કર્યો તેમાં સર્વસ્વ આપી દીધું પણ એનો એક નચિકેતા નામનો પુત્ર હતો. તો એ પુત્રે શું કર્યુ ? તો કહે છે - **'तस्य ह नचिकेता नाम पुत्र आस'** કે વાજશ્રવા નામના જે ઋષિ હતા એને નચિકેતા નામનો પુત્ર હતો.

**तम् ह कुमारम् शन्तं दक्षिणासु नीयमानासु**
**श्रद्धाऽऽविवेश सोऽमन्यत ॥ २ ॥ ॥ १-१-२ ॥**

હવે, એ વખતે જુના જમાનામાં તો ધન હતું ગાયોનુ, કયું ધન હતું ? બોલો. અત્યારે બધાને મકાન, ગાડી, વાડી, મોટરને બંગલા બધુ છે. એ વખતે ઝાઝું ધન હતું ગાયોનું. એ ગાયોના ધનથી તો એકબીજાને કે દિકરીને આપે તોય ગાયનું દાન આપે, બ્રાહ્મણને આપે તોય ગાય આપે જેને આપે એને.... તેણે દાનમાં એવી ગાય આપવાની શરૂ કરી કે જે....

### નચિકેતાકી શંકા

**पीतोदका जग्धतृणा दुग्धदोहा निरिन्द्रियाः ।**
**अनन्दा नाम ते लोकास्तान्स गच्छति ता ददत् ॥ ३ ॥**
**॥ १-१-३ ॥**

**पीतोदका** - જે એકવાર પાણી પીધા પછી પી શકે એમ ન હોય, **जग्धतृणा** - જે એકવાર ઘાસ ખાય પછી ફરીને ખાય શકે એમ ન હોય, એકવાર દો'વાય ગયું હોય ફરીને દો'વા દે એવી ન હોય **निरिन्द्रियाः** જેની ઈન્દ્રિયો પણ જે આંખ કાન સારા ન હોય પગ પણ ઢીલા થઈ ગયા હોય એવી ગાયો એણે દાનમાં દેવાની શરૂ કરી, સારી સારી ગાયો પુત્રને નામે રાખી, શું કર્યુ ? બોલો, આપણે શું કરીએ છીએ ? બોલો, સારી સોપારી ઘરમાં, છોકરા માટે રાખીએ અને મોળી સોપારી ભગવાનને બ્રાહ્મણને આપીએ. એમ ઋષિએ સારી સારી ગાયો હતી એ તો બધી રાખી લીધી અને જે ગાયો નબળી-દુબળી હતી એ દેવાની શરૂ કરી. પણ એનો પુત્ર બહુ શ્રદ્ધાવાળો હતો. એના હૃદયમાં શ્રદ્ધા આવી **आविवेश** એના હૃદયમાં શ્રદ્ધા ઉત્પન્ન થઈ તો શ્રદ્ધા શું થઈ ? જો પિતાજી આવી ગાયો દાનમાં દેશે તો પિતાજીને નરકમાં જવુ પડશે અને -

**'पुंनाम्नः नरकात् त्रायते इति पुत्रः ।'**

કે જે નરકમાંથી પિતાની રક્ષા કરે એનું નામ જ સાચો પુત્ર કહેવાય. નહિતર એ પુત્ર ન કહેવાય, છોકરા કહેવાય. શું કહેવાય ? બોલો-છેતરી જાયને એ છોકરા કહેવાય. પૈસા લેવા હોય ત્યાં સુધી બાપ-બાપ કરે પૈસા લઈ લે અને લગ્ન થઈ જાય એટલે છૂ..... કરીને જતા રહે એ છોકરા કહેવાય ? તો સાચો પુત્ર થવા માટે એણે વિચાર કર્યો કે, પિતાજી બધુ ધન દક્ષિણામાં આપે છે તો હું પણ તેનું ધન છું. પુત્ર એ પણ પિતાનું શું કહેવાય ? બોલો-ધન કહેવાયને ? તમે પુત્રના પુત્રને શું કહો છો ? એનું વ્યાજ છે. એમ કહો છો ને ? બોલો-પુત્ર એ પણ પિતાનું ધન છે. તો બધુય ધન જયારે દાનમાં આપ્યું ત્યારે પુત્રને પણ દાનમાં દઈ દેવો જોઈએ. એટલે એણે વિચાર કર્યો કે મારા માટે મારા મોહમાં સારી સારી ગાયો રાખે છે, અને પિતાજી નબળી ગાયો દાનમાં આપે છે. એવા નબળા દાન કરવાથી પિતાજીને નરકમાં જવું પડશે તો પિતાજીને નરકમાંથી બચાવવા એ મારી ફરજ છે તો સારી ગાયો આપો એમ કહીશ તો આપશે નહીં કેમ કે મારો મોહ છે ત્યાં સુધી તે આપી શકશે નહીં. પણ જો મારો મોહ છૂટે મને જ કોઈને દાનમાં આપી દે તો પછી સારી સારી ગાયો પણ દાનમાં આપશે. તો પિતાજીનું કલ્યાણ થઈ જાય. એમ પિતાનું કલ્યાણ કરવા માટે નચિકેતાએ કહ્યું કે, 'હે પિતાજી ! તમે મને કોને દાનમાં આપશો ? કેમ કે હું ય તમારું ધન છું.' સમજ્યાં બોલો-તો એકવાર કહ્યું બેવાર કહ્યું ત્રણવાર કહ્યું તો-

### પિતા-પુત્ર સંવાદ

**स होवाच पितरं ततः कस्मै मां दास्यसीति ।**
**द्वितीयं तृतीयं तम् होवाच मृत्यवे त्वां ददामीति ॥४॥**
**॥ १-१-४ ॥**

નચિકેતાએ પિતાને કહ્યું, 'તમે મને કોને દાનમાં આપશો ?' એકવાર કહ્યું, બેવાર કહ્યું, ત્રણવાર કહ્યું એટલે એના પિતાને મનમાં થોડો ક્રોધ આવ્યો જેમાં હું પ્રેમ કરું છું એ વયો જવા માંગે છે ! આપણે જેને પ્રેમ કરીને રાખવા માંગીએ છીએ તેનું શું થાય ? બોલો-જવા તૈયાર છે, એટલે ભતૃહરિ રાજાએ કહ્યું -

**यां चिंतयामि सततं मयिसा विरक्ता**
**साऽप्यन्य मिच्छति जनं स जननोऽन्य सक्तः ।**
**अस्मकृते च परितुष्यति काचि दन्या**
**धिक् तां च तं च मदनं च इमां च मां च ॥**

કે જેમાં હું પ્રેમ કરું છું એ બીજે પ્રેમ કરે છે, બીજો વળી ત્રીજે પ્રેમ કરે ત્રીજો વળી મારામાં પ્રેમ કરે છે એમ આ જગતમાં આગળ આગળ ચાલ્યા જ કરે

છે. જે છે એમાં કોઈ રહેતા નથી. શું નથી કરતાં ? બોલો પોતે પોતાનામાં સંતોષ પામતા નથી એટલે જીવો ભટકયા કરે છે. **'નિજાનંદે સદા મસ્તી લે જે.'** જો પોતે પોતાના આનંદમાં રહેને તો વાસના વધે નહીં, કામ ક્રોધ વધે નહીં, મોહ વધે નહીં, આ વાસના, જન્મ-મરણના ચક્કર વધે નહીં, પણ જીવો પોતે પોતાના આનંદમાં નથી રહેતા અને એથી બીજામાં, તેનાથી બીજામાં, એથી વધારે મળશે એમ કરીને ભાગ્યા ભાગ્યા ફરે છે દુઃખી થયા કરે છે. એમ આ પુત્રના મોહમાં સારી ગાયો દાનમાં દેતા નથી સંકલ્પ કર્યો, બધું દાનમાં આપવું એવો યજ્ઞ કર્યો છે. પણ પોતાનું બધુ, એમ એણે અર્થ કર્યો ને સારી સારી ગાયો છોકરાને નામે રાખી અને મોળી મોળી ગાયો પોતાના નામે, તો કામ હોયને તો કામમાંથી ક્રોધ ઉત્પન્ન થાય સાંભળ્યું છે ને ગીતામાં-

**ધ્યાય તો વિષયાન્યુંસઃ સંગસ્તેષૂપજાયતે**
**સંગાત્સંજાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે**
**ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સંમોહાત્સ્મૃતિ વિભ્રમઃ**
**સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો,બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ।**

(ગીતા-અ-૨-૬૨,૬૩)

વિષયનું ચિંતન કરવાથી વિષયની કામના ઊભી થાય છે. કામનાઓ પૂરી ન થવાથી **'કામાત્ક્રોધોઽભિજાયતે'** કામનાઓ પૂરી ન થવાથી ક્રોધ ઉત્પન્ન થાય અને **'ક્રોધાદ્ભવતિ સંમોહ'** ક્રોધને લઈને પછી સંમોહ થાય એટલે વિપરીત જ્ઞાન ઊંધુ જ્ઞાન થાય. સત ને અસત સમજવા લાગે, અપવિત્રને પવિત્ર સમજવા લાગે, અનાત્માને આત્મા સમજવા લાગે, દુઃખને સુખ સમજવા લાગે એનું નામ છે 'સંમોહ' અને સંમોહ થવાથી **'સ્મૃતિ વિભ્રમઃ'** એટલે સ્મરણ શક્તિ હું શુદ્ધ છું, બુધ્ધ છું, મુક્ત છું, બ્રહ્મ છું બધુ બ્રહ્મરૂપ છે એ સ્મરણ શક્તિ નષ્ટ થઈ જાય છે અને એનાથી બુદ્ધિ બ્રહ્માકાર વૃતિ નષ્ટ થઈ જાય છે. બુદ્ધિ નષ્ટ થાય એટલે કઈ બુદ્ધિ, બોલો ? બ્રહ્માકાર બુદ્ધિ. એવું નહીં કે આ જ બુદ્ધિ, વૈજ્ઞાનિક બુદ્ધિ નષ્ટ થઈ જાય ભૌતિક બુદ્ધિ તો રહે પણ બ્રહ્માકાર બુદ્ધિ નો રે'. આ બધું જ બ્રહ્મ છે. 'સર્વ ખલ્વિદં મયચ્ચ બ્રહ્મૈવ' કે આ બધું જ બ્રહ્મ સ્વરૂપ છે એ બ્રહ્માકાર બુદ્ધિ ના રહે. પછી મારું ને તારું, ઈર્ષ્યાને અદેખાય થાય એનું નામ **'બુદ્ધિ ભ્રષ્ટ'** થઈ કહેવાય. જ્યારે બધુ જ બ્રહ્મ છે એમ સમજે ત્યારે **'બુદ્ધિ શુદ્ધ'** થઈ કહેવાય. શું થઈ કહેવાય. બોલો ? એટલે સાત્વિક બુદ્ધિ એને કહેવાય -

**પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ કાર્યાકાર્યે ભયાભયે**
**બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥**

(ગીતા અ. ૧૮-૩૦)

કે અખંડ બ્રહ્મરૂપ એ મોક્ષનો ભાગીદાર થાય એટલે જે પ્રવૃત્તિને નિવૃત્તિને જોવે, સમજે, કાર્ય અને અકાર્યને સમજે, ભય અને અભયને સમજે, બંધન અને મોક્ષને સમજે એવી જે બ્રહ્માકાર બુદ્ધિ જ છે, એ જ 'સાત્વિક બુદ્ધિ' છે. અને જો એ બુદ્ધિ ચાલી જાય તો જીવનો પ્રણાશ થાય ? બોલો **'બુદ્ધિનાશા–ત્પ્રણશ્યતિ'** તો અહીં નચિકેતાના પિતા વાજશ્રવા ઋષિને કામના હતી. પુત્રને માટે, એ પુત્રએ તેને નરકમાંથી બચાવવા માટે કહ્યું કે 'હે પિતાજી, તમે મને કોને દાનમાં દેશો ?' એકવાર, બેવાર, ત્રણવાર કહ્યું એટલે એને ક્રોધ ચડયો અને કહ્યું, **'મૃત્યવે ત્વા દદામિ ।'** શું કહ્યું, બોલો ? કે હું તને મૃત્યુને દાનમાં આપું છું, યમરાજાને ત્યાં તું જા. હું તને યમરાજાને દાનમાં આપી દઉં. ક્રોધમાં બોલતા બોલી જવાયું.

તો નચિકેતાએ વિચાર કર્યો કે પિતાજી માટે મેં તો કંઈ ખોટું કર્યુ નથી. પણ પિતાજીએ કહ્યું તો ભલે કહ્યું મારા હિતમાં જ કહ્યું હશે એટલે -

**बहूनामेमि प्रथमो बहूनामेमि मध्यमः ।**
**किम् स्विद्यमस्य कर्तव्यं यन्मयाद्य करिष्यति ॥ ५ ॥**

॥ १-१-५ ॥

**बहुनामेमि प्रथमो बहूनामेमि मध्यमः ।**

નચિકેતા કહે છે કે હું બહુમાં ઉત્તમ છું બહુમાં મધ્યમ છું એટલે ઘણા કામમાં હું પિતાજીના કહ્યા પેલા કરું છું. તો પિતાજીની આજ્ઞા પહેલા જરૂર હોય એ કરી દે તે ઉત્તમ પુત્ર કહેવાય. પિતા કહે ને એની આજ્ઞાનું પાલન કરે તેને મધ્યમ પુત્ર કહેવાય. પિતાની આજ્ઞા કર્યા પછી ધીરે-ધીરે એક-બે દિવસમાં વહેલા કે મોડા કરે એને કનિષ્ઠ પુત્ર કહેવાય. અને પિતાની આજ્ઞા પાળે જ નહીં એને પુત્ર જ ન કહેવાય. એ પિતાની કેવળ વિષ્ટા છે. એમ ગુરુને માટે શિષ્યોમાં પણ ઉત્તમ શિષ્ય એને કહેવાય જે ગુરુની આજ્ઞા થયા પેલા પાલન કરે એને ખબર હોવી જોઈએ કે આપણા ગુરુની આવી આજ્ઞા છે. આપણે શાસ્ત્ર વિધિ આ ગુરુ પરંપરામાં આ છે; એમ સમજીને જે પેલા જ પાળવા લાગી જાય એ ઉત્તમ શિષ્ય કહેવાય. ગુરુ કહે ત્યારે જે પાળે એ મધ્યમ શિષ્ય કહેવાય અને ગુરુ જયારે કહે

અને પછી આજ કરું કાલ કરું કરે એનું નામ કનિષ્ઠ શિષ્ય કહેવાય અને જે આજ્ઞા જ ન પાળે અને મનમાની રીતે વર્તે એ સાવ અત્યંત અધમ શિષ્ય કહેવાય. ગુરુને દુઃખ દેવાવાળો શિષ્ય કહેવાય તો અહીં ઉત્તમ પુત્ર, હું બહુમાં ઘણા કામોમાં તો ઉત્તમ પુત્ર છું પિતાના કહ્યા પેલા જ કરી નાખું છું.

**बहूनामेमि मध्यमः** હું બહુમાં મધ્યમ છું હવે, પિતા આજ્ઞા કરે ત્યારે તો પાળુને, પહેલા મારે સમજીને જવું જોઈએ પણ પિતાની એવી ઈચ્છા છે એ હું સમજી શક્યો નહીં. હવે, કમ સે કમ મધ્યમ તો થાવ. પિતાએ આજ્ઞા કરી તો હવે મારે આજ્ઞા પાળવી જોઈએ. એમ માનીને હવે, યમરાજા મારે માટે શું કરશે ? એને શું કામ હશે ? હું એનું શું કામ કરીશ ? એવો એણે મનમાં વિચાર કર્યો. ત્યારે નચિકેતાના પિતાને વચમાં પાછો મોહ થઈ ગયો કે ના મેં તો અમથું કહી દીધું તારે જવાની જરૂર નથી. ત્યારે નચિકેતાએ કહ્યું કે તમે તમારી વાણી બદલો છો એ બરાબર નથી.

**રઘુકુળ રીતિ સદા ચલી આઈ,**
**પ્રાણ જાય પર વચન ન જાયી...**

કે પરંપરા આપણી ઋષિઓની, રાજર્ષીઓની છે કે 'બોલ્યા પછી ફરવું નહીં...' તો તમે કહ્યું કે **'मृत्यवे त्वा ददामि ।'** તો તમે મને મૃત્યુને દેવાનો સંકલ્પ કર્યો, બોલ્યા. તે બોલ્યા અને એ બદલશો તો તમારી આ રીત બરોબર છે એ ખરાબ થઈ જશે. તમારી કીર્તિને કલંક લાગશે આ જગત તો નાશવંત છે, તમારું બોલેલું રહેશે ને તમારું, જગત તો કોઈનું રહ્યું નથી ને રહેશે નહીં એટલા માટે-

**अनुपश्य यथा पूर्वे प्रतिपश्य तथाऽपरे ।**
**सस्यमिव मर्त्यः पच्यते सस्यमिवाजायतेपुनः ॥६॥**
॥ १-१-६ ॥

નચિકેતા એના પિતાજીને કહે છે કે હે પિતાજી ! તમે પૂર્વજોને જુવો અને ઉત્તરોને જુવો તમારા પૂર્વજો બોલેલું પાળતા'તા. જો તમે બોલેલું નહીં પાળો તો પૂર્વજોની રીતની એ પરંપરાને તોડવાવાળા થશો તો એ તોડવાવાળું પાપ અને તમે ખોટું કરશો બોલેલું તોડીને જે તોડવા વાળા થશો તો તમારો અવિશ્વાસ થશે અને એને લઈને જે પાછલી આવનારી પેઢી થશે એ બધી એવી જ આચરણ વાળી થશે કેમ કે-

**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः**
**स यत्प्रमाणं कुरूते, लोकस्तदनुंवर्तते ।**
(ગીતા-૩-૨૧)

કે તકેવાન થઈને સારા થઈને આવી રીતે બોલેલું ફરી જશો તો તમારી પાછલી આવનારી પેઢી પણ બોલેલું ફરી જશે. તો જુની જે પરંપરાને તોડવાનું પાપ અને નવા લોકોને ઊંધે માર્ગે ચડાવવાનું પાપ આ બધું તમારી માથે આવશે. આ સંસાર તો શું છે? **'सस्यमिवाऽऽजायते'** આ ઘાસની જેમ થાય છે ને ઘાસની જેમ પાછું સુકાય પણ જાય છે. ઊગવું થવુ ને મરવું, ઊગવુ થવું ને મરવું આ તો અનાદિ કાળનું જગત મરવાવાળું, નાશ વાળું, વિકારી છે. એટલા માટે તમે, હે પિતાજી, આવા ઘાસ જેવા સંસારને માટે આવું ખોટું કરી પોતાના જીવનને શું કામ લાંછન લગાડો છો ? એમ પુત્રએ કહ્યું એટલે પિતાજીને સમજાયું કે વૈરાગ્ય ધારણ કરો આ મોહ છોડો. કોઈનો પુત્ર થયો નથી ને હશે નહીં. એટલા માટે પુત્રના મોહમાં તમે ખોટું બોલેલું પણ બદલો છો ને એ યજ્ઞમાં દીધેલું પણ પૂર્ણ સર્વસ્વ નહીં થાય અને એને (પુત્રને) દેવા માટે તમે પુત્રનો મોહ કરીને, બોલેલું પણ ફરો છો તો આ બધુ નુકસાન તમારે માટે ઊભું થશે. એમ પિતાને એણે (નચિકેતાએ) માર્ગે ચડાવવા માટે કહ્યું.

**ક્રમશ...**

**: સંસ્કાર કેન્દ્ર વરાછા ચીકુવાડી :**

**વિશેષ જણાવતા આનંદ થાય છે કે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની પ્રેરણા થી સંત્સંગ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.**

**– દર રવિવારે ''શ્રી ગુરૂગીતાનો પાઠ'' સવારે ૬.૦૦ કલાકે**

**– દર મહિનાની બન્ને અગીયારસે ''સત્સંગ–કીર્તન'' રાત્રીએ ૯.૦૦ થી ૧૦.૦૦ કલાકે થાય છે તો દરેક વરાછામાં વસતા ભાઈ–બહેનોને લાભ લેવો.**

**બાળકોને સંસ્કાર સારા પડે ભજન કીર્તન શીખે તે માટે સ્વામીજી મહારાજની આજ્ઞાથી સંસ્કાર કેન્દ્ર શરૂ કરે છે.**

**સ્થળ :–** **શ્રી નરશીભાઈ વાલજીભાઈ વઘાસિયા (પીપળીયાવાળા) મો. ૯૮૨૫૯ ૬૬૫૮૭**
**પ્લોટ નં. ૧૮, હરીકુંજ સોસાયટી વિ.–૨, હીરામંદિરની પાછળ,ચીકુવાડી, વરાછા રોડ, સુરત.**

# સત્સંગનો મહિમા

લવજીભાઈ કે. સવાણી
(નાવડા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

ભગવાનની અસીમ કૃપાથી આપણને સતત સત્સંગનો લાભ મળી રહ્યો છે. પરંતુ આપણે એ ક્યારેય વિચારીએ છીએ ખરા કે આ સત્સંગ એટલે શું ? (શું તાળી પાડીને જે કીર્તન કરવામાં આવે તેને જ સત્સંગ કહેવાય ? કરજો, કરવાની ના નથી પરંતુ વાસ્તવીક રીતે સત્સંગ કોને કહેવાય ? સત્સંગનો મહિમા શું ? સત્સંગનો પ્રભાવ શું ? શા માટે આપણે સત્સંગ કરવો જોઈએ ? પ્રત્યેક માનવના જીવનની અંદર સત્સંગ હોવો જોઈએ.

સત્સંગ એટલે જ્યાં આપણને સત્યની ઓળખ થતી હોય. સત્‌નો જ્યાં સંગ થતો હોય તો સત્‌ એટલે શું ? 'સત્‌ એટલે જે સદા છે છે ને છે.' જે પેલા હતુ અત્યારે છે ને પછી પણ રહેવાનું જ છે તે સત્‌ એટલે સાદી ભાષામાં તો 'સદા રહે તે સત્ય.' જેને શાસ્ત્રોમાં તો કહ્યું છે કે 'ત્રિકાલાબાધ્યં સત્યં' જેનો ત્રણ કાળમાં બાધ ન કરી શકાય તે સત્ય છે. એ સત્યનો જ્યાં સંગ થતો હોય તેને સત્સંગ કહેવાય અને જે સત્યની ઓળખ કરાવે, જે સત્‌નો સંગ કરાવે તેને સંત કહેવાય. આપણને ક્યારેય પ્રશ્ન થાય કે સત્સંગનો મહિમા શું ? તો પૂ. સ્વામીજી તો કહેતા કે-

**સત્સંગતના જ પ્રતાપે, વાલ્મીકી ઋષિ બની જાવે,**
**તોરલના સંગે જેસલ, સબ પાપ રહિત બની જાવે,**
**સત્સંગ સુધારસ પીવે, તે કાળ થકી ન બીવે,**
**જીવ શિવનો સંશય ટળશે, જઈ અખંડ રસમાં ભળશે,**
**સત્સંગમાં નિત્ય આવો, તમો પ્રેમે પ્રભુ ગુણ ગાવો,**
**તમો જ્ઞાન ગંગામાં ન્હાવો, લેવા જીવનનો લ્હાવો.**

વાલીયો ભીલ લૂંટારો હતો તેને નારદજીનો સંગ થયો તો તે વાલ્મીક ઋષિ બની ગયા **'જેસલ જગનો ચોરટો, પલમાં કીધો પીર'** જેસલ ખૂબ પાપી હતો તેને તોરલનો સંગ થયો. જો એક ક્ષણ માત્ર પણ સત્સંગ મળી જાયને તો જીવનો બેડો પાર થઈ જાય.

હરિદ્વારમાં જઈને ગંગા સ્નાન કરીએ તો શરીરની શુધ્ધિ થાય છે. પરંતુ આ સત્સંગરૂપી ગંગામાં સ્નાન કરીએ તો શરીર પણ શુધ્ધ થાય અને અંતઃકરણ પણ શુધ્ધ થાય. સત્સંગ લાગે ક્યારે ? જો અંતઃકરણ શુધ્ધ થાય તો સત્સંગથી વિવેક થાય છે કે સત્‌ શું છે ? અને અસત્‌ શું છે ? એટલે સત-અસત્‌નો વિવેક, જડ અને ચેતનનો વિવેક, પવિત્ર-અપવિત્રનો વિવેક, સુખ-દુઃખનો વિવેક, પોતાના અને પારકાનો વિવેક, પૂર્ણ-અપૂર્ણતાનો વિવેક, ઈત્યાદિ. આ વિવેક આપણને સત્સંગ દ્વારા જ થાય છે. સત્સંગનો મહિમા બતાવતા ભગવાન શ્રી શંકરાચાર્યજી ચપટ પંજરી સ્તોત્રમાં કહે છે.

**સત્સંગત્વે નિસ્સંગત્વં**
**નિઃસંગત્વે નિર્મોહત્વમ્,**
**નિર્મોહત્વે નિશ્ચલ તત્ત્વં,**
**નિશ્ચલ તત્ત્વે જીવન્મુક્તિ...**
**ભજ ગોવિન્દં....**

ભગ. શ્રી શંકરાચાર્યજી જણાવે છે કે સત્સંગથી નિઃસંગ (રાગ-દ્વેષ, કામ-ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા-અદેખાય... ઈત્યાદિ સંગ દોષની નિવૃત્તિની) પ્રાપ્તિ થાય છે. નિઃસંગથી નિર્મોહત્વ પ્રાપ્ત થાય છે. પારકાને પોતાનું માનવું એ મોહ, જે અપવિત્ર છે તેને પવિત્ર માનવું એ મોહ, અસતને સત માનવું એ મોહ છે. નિર્મોહત્વ પ્રાપ્ત થવાથી નિશ્ચલ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. જેને પ્રાપ્ત કરવાથી બધુ જ પ્રાપ્ત થઈ જાય છે. જેને જાણવાથી બધુ જણાય જાય છે. વેદોમાં કહ્યું છે કે **'એક વિજ્ઞાતે સર્વં વિજ્ઞાતં ભવતિ'** તે એક તત્ત્વને જાણવાથી બધુ જ જણાય જાય છે. એ નિશ્ચલ તત્ત્વની પ્રાપ્તિથી જીવન મુક્તિની પ્રાપ્તિ થાય છે. તે પોતાનું જે પૂર્ણ સ્વરૂપ છે તેમાં ઓતપ્રોત રહે છે.

આવો ઉત્તમ માનવ જન્મ પ્રાપ્ત કરીને સત્સંગનો લાભ લઈને મનન અને નિદિધ્યાસન કરવું જોઈએ. આ જીવને અનાદી કાળથી હું કર્તા ભોક્તાના જે દ્રઢ સંસ્કાર છે તેને દૂર કરવા માટે સત્સંગ બહુ આવશ્યક છે. સત્સંગએ જડી બુટ્ટી છે. એક દ્રષ્ટાંત આવે છે.

**દ્રષ્ટાંત :** સાપ અને નોળીયાને જન્મનું વેર. બંને ખૂબ ઝઘડો કરે. સાપ એ ઝેરી જીવ છે. તો બંને લડાઈ કરે ત્યારે સર્પએ નોળીયાને ડંખ મારે છે પરંતુ નોળીયો એક એવી જડીબુટ્ટી (નોરવેસ) જાણે છે જેને સુંઘવાથી તેનું ઝેર ઊતરી જાય. તો જ્યારે સર્પ ડંખ મારે એટલે એ દોડીને પેલી જડીબુટ્ટી સુંધી આવે એટલે તેનું ઝેર ઊતરી જાય અને ફરી પાછો રણે ચડે. પેલો સર્પ વારંવાર ડંખ મારે અને નોળીયો પેલી જડીબુટ્ટી સુંધી

આવે અને આખરે નોળીયાનો વિજય થાય છે.

**સિદ્ધાંત :** આ તો દ્રષ્ટાંત બતાવ્યું, હવે સિદ્ધાંતમાં સમજો કે સર્પ એ આ સંસાર છે, જીવાત્મા છે એ નોળીયો છે અને સત્સંગ એ જડીબુટ્ટી છે સંસાર રૂપી સર્પ જીવાત્માને કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ-દ્વેષ, અહંકારરૂપી ડંખ મારે છે, પરંતુ જીવાત્મા જો સત્સંગરૂપી જડી બુટ્ટી સુંઘી આવે એટલે કે સત્સંગમાં જાય, એક ચિત્તથી સાંભળે અને જો જીવનમાં ઉતારે તો જીવને રાગ-દ્વેષ રૂપી ઝેર ચડતું નથી.

**રાગ દ્વેષનું ઝેર રે ઉતારશે,**
**જ્ઞાનામૃતનું કરાવી પાન,**
**......શ્રદ્ધા કરો સ્નેહથી**
**રોગ જન્મ મરણનો ટાળશે,**
**આપી સદ્ વિચારનું ઔષધ,...શ્રદ્ધા.....**

તો આ સત્સંગ એ જડીબુટ્ટી છે જેમ આપણને રોગ થાય અને તરત જ આપણે તેને દૂર કરવા કે મટાડવાના ઉપાયો કરીએ છીએ. દવા લઈએ છીએ સમય કાઢીને પણ તે રોગ જલ્દી સારો થાય તેવા ઉપાયો કરવામાં આપણે તત્પર રહીએ છીએ તો આ જન્મ-મરણ એ સૌથી મોટો રોગ છે અને આ સત્સંગ એ રોગને મટાડવાની ઔષધી / જડીબુટ્ટી / દવા છે તો સમય કાઢીને પણ તે રોગને દૂર કરવા માટે સત્સંગ કરી લેવો જોઈએ. શાસ્ત્રોમાં ત્રણ વાતને મુખ્ય બતાવી કે સો કામ છોડીને પણ ખાઈ લેવુ / ભોજન કરી લેવુ જોઈએ. એક હજાર કામ છોડીને પણ સ્નાન કરી લેવું જોઈએ અને કરોડો કામ છોડીને પણ સત્સંગ કરી લેવો જોઈએ. કારણ કે આ સમય એ બહુ મુલ્યવાન ને આવો મોંઘો મનુષ્યનો દેહ વારંવાર મળતો નથી.

**મોંઘો મનુષ દેહ ફરી ફરી ને ન મળે વારંવાર**
**હે ભાઈ તું ભજી લેને કીરતાર**

આપણને ક્યારેક એવો પ્રશ્ન થાય કે સત્સંગથી શું થાય ? સત્સંગ શા માટે કરવો ? તો જે સત્સંગ કરે છે અને દ્રઢ થઈ જાય છે કે આ શરીર એ હું નથી પણ હું તેનો દ્રષ્ટા છું. આ મન, બુદ્ધિ, ઈન્દ્રિયો (જ્ઞાનેન્દ્રિય-કર્મેન્દ્રિય) એ બધા પોતાના ધર્મ અનુસાર કાર્ય કરે છે હું તો એનો દ્રષ્ટા છું.

**પંચકોશ પદ હું નહીં, હું નહીં અંતઃકરણ,**
**ઈન્દ્રીયઅવસ્થા ઉર્મિ નહીં, નહીં વેશ ને વર્ણ,**
**......સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**

એ રીતે સત્સંગ શ્રવણ કરીને જે મનન અને નિદિધ્યાસન કરે છે એ આ સંસારરૂપી સર્પ ઉપર વિજય મેળવી લે છે.

જેમ આપણે મોબાઈલ વાપરીએ અને બેટરી ઊતરી જાય અને તેને રિચાર્જ કરવી પડે તેમ આ અંતઃકરણરૂપી બેટરી સત્સંગ દ્વારા રિચાર્જ કરવી જોઈએ. જન્મ-મરણના ચક્રથી છૂટવા માટે આવા સત્સંગનો લાભ લેવો જોઈએ. પરંતુ આપણે એટલા વ્યવહારમાં પડી જઈએ છીએ કે જે કરવાનું છે એ તો બાકી જ રહી જાય છે અને આપણે બીજે બધે ફાફા માર્યા કરીએ છીએ.

વિશ્વામિત્ર ઋષિએ બહુ તપસ્વી હતા અને વશિષ્ટ ઋષિ એ ગુરુકુળ ચલાવતા શિષ્યોને અધ્યયન કરાવતા સત્સંગ કરતા તો એ બંને ઋષિ વચ્ચે એકવાર વિવાદ થયો કે આપણા બે માંથી મહાનતા કોની ? તો આ વિવાદ લઈને તેઓ શેષનાગ પાસે ગયા કે અમારા બે માં વધુ મહાનતા કોની છે ? તેનો ન્યાય તમે કરો. તો શેષનાગ ઉપર તો આખી પૃથ્વીનો ભાર હોય તેથી તેઓ કહે છે આ મારા શીશ ઉપરનો ભાર થોડો હળવો કરો તો હું તમારા બંનેનો ન્યાય કરું તો ઋષિ વિશ્વામિત્રએ દસ હજાર વર્ષનું તપ અર્પણ કર્યુ છતાં પૃથ્વીને ધારણ કરી શક્યા નહીં અને વશિષ્ઠ ઋષિએ માત્ર એક ક્ષણનો સત્સંગ અર્પણ કર્યો તો પૃથ્વી ધારીત થઈ તો ન્યાય તો એની મેળે થઈ ગયો પરંતુ અહીં કહેવાનો ભાવાર્થ એ છે કે એક ક્ષણ પણ જો સત્સંગ મળી જાય તો પણ બેડો પાર થઈ જાય છે તેથી જ મીરા બાઈએ ગાયુ છે કે

**સત્સંગથી બે ઘડીમાં મુક્તિ, વેદ પૂરાણે છે સાખ,**
**પ્રાણી તું તો સત્સંગનો રસ રાખ.**

તો આવો ઉત્તમ મનુષ્યનો દેહ આપણને મળ્યો છે તો નિરંતર આપણે સત્સંગનો લાભ લેતા રહીએ એ જ પરમાત્માને પ્રાર્થના....

**ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે,**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે..**
**ૐ શાંતિ શાંતિ શાંતિ...**

**॥ શ્રધ્ધાંજલિ ॥**

લીંબાસી ગામના સ્વ. પંકજભાઈ ભીખાભાઈ તા. ૪/૯/૨૦૧૪ ને ગુરૂવાર ના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે, વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

# શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્

સંકલન કર્તા – કૃષ્ણા કે. ભરોડિયા
પાલડી

**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય, ચાતુર્માસ ૨૦૧૧, સુરત.**

**ગતાંકથી ચાલુ...**

એકલા તર્કથી પરમાત્માને કોઈ સિદ્ધ ન કરી શકે કે પરમાત્મા છે તર્કથી પરમાત્માનું ખંડન પણ કરી ન શકે કોઈ કારણ કે આ તર્ક છે, એની કોઈ પ્રતિષ્ઠા નથી. આ જે જે તર્કથી જે અર્થ/વાત સિદ્ધ થાય, આવતી કાલે જો એનાથી વધારે બુદ્ધિમાન વ્યક્તિ આવે તો એનાથી પણ આગળ વિચાર કરીને પેલો જે તર્કે સાબીત કરેલો છે એનું ખંડન થઈ જાય એ Out of Date થઈ જાય. કમ્પ્યુટરની જ્યારે શોધ થઈ હતી ત્યારે જે રૂપમાં હતુ આજે એ રૂપમાં રહ્યું છે ? તો જે લોકો એમ કહે છે કે અમે વાંદારના વંશ જ છીએ તો શું આજે એ વાત સંસાર માનવા તૈયાર છે ?

જે જે આપણે ત્યાં તર્કથી વાત સિદ્ધ થઈને એ હંમેશા રહી નથી અને જે વ્યક્તિ પરમાત્માને પણ તર્કથી સિદ્ધ કરવા માંગે છે તો એની વાત પણ હંમેશા રહેતી નથી. હંમેશ એની વાત જ રહે છે જે શ્રુતિ મુલક છે. વેદ મુલક છે ઉપનિષદ મુલક છે. ઉપનિષદમાં સાફ ના પાડી કે

**નૈષા તર્કેણ મતિરાપનેયા ।**

પરમાત્મા વિષયક મતિ એટલે બુદ્ધિ છે એ તર્કથી એને લગાવી શકાય એમ પણ નથી ને તર્કથી પ્રાપ્ત કરી શકાય એમ પણ નથી. કોઈ એમ કહે કે હું તર્કથી એ સિદ્ધ કરી દવ તો એ સંભવ નથી અને તર્કથી ખંડન કરે કે વેદમાં જે બતાવ્યું એ પરમાત્મા વિષયક જે વાત છે એને કોઈ ખંડન કરવા માંગે તો તર્કથી કેવળ સંભવ નથી. એટલે પેલા ધર્મરાજ અધ્વરિન્દ્ર વેદાંત પરિભાષામાં કહે છે કે જયારે વ્યક્તિને પ્રત્યક્ષ પદાર્થ દેખાય છે ને ત્યારે એને પરમાત્મા દેખાય છે એ તરફ આ જીવનું ધ્યાન જતું નથી. એનું કહેવું એવું છે કે પ્રત્યક્ષ તો એક માત્ર પરમાત્મા છે. એ સિવાય બીજુ કોઈ પ્રત્યક્ષ નથી અને ઉપનિષદ્ પણ એ વાત કહે છે બૃહદારણ્યક ઉપનિષદ્માં કહ્યુ, **'યત્ સાક્ષાત્ અપરોક્ષાદ્ બ્રહ્મ'** બ્રહ્મ શું છે ? તો કહ્યું કે સાક્ષાત છે જે અપરોક્ષ છે. અપરોક્ષ એટલે હું તમને જોઈ શકું છું ને તમે મને જોઈ શકો છો એને અપરોક્ષ કહેવામાં આવે અને સાક્ષાત કહેવામાં આવે સાક્ષાતનો અર્થ છે 'અક્ષણા સહ' ચક્ષુની સાથે જે દેખાય એને કહેવામાં આવે છે સાક્ષાત. પરમાત્મા આપણને અપરોક્ષ દેખાય છે.

એક મહાત્માજી પાસે એક ભગત ગયો અને કહેવા લાગ્યો, 'સ્વામીજી ! ભગવાન દેખાડો.' તો પેલા મહાત્માજીએ હાથ ઊંચો કર્યો, કહે, 'શું દેખાય છે ?' તો કહે, 'હાથ દેખાય છે.' 'બીજું કાંઈ દેખાય છે ?' તો કહે, 'હાથ દેખાય છે, બીજું કંઈ દેખાતું નથી.' 'અચ્છા, હાથ જેના દ્વારા દેખાય છે એ પ્રકાશ તને દેખાય છે ?' આપણું એ તરફ ધ્યાન જાય છે ? આપણે જે જે વસ્તુ જોઈએ છીએને ત્યારે એ પદાર્થ ય દેખાય છે ને એ પદાર્થને પ્રકાશીત કરવાવાળો જે પ્રકાશ છે એ પ્રકાશ, પણ આપણને દેખાય છે, પણ એ તરફ આપણું ધ્યાન જતું નથી.

એમ વિચાર કરો કે, પ્રકાશ ન હોય તો હાથ દેખાય ? અંધારામાં દેખાય ? અંધારામાંય હાથ છે પણ આપણને અંધારામાં હાથ દેખાતો નથી અને જો અંધારામાંય હાથ દેખાતો હોતને તો આપણે પ્રકાશની જરૂર પડે ?....નહીં એટલે પ્રકાશ નામનો એક પદાર્થ છે જે આપણી આંખે દેખાય છે ને તોય આપણે એમ કહીએ છીએ કે, ના, મને નથી દેખાતો. આપણે તો પદાર્થને જ જોઈએ છીએ. પાંચ ભૂતોમાં 'તેજ' એ પણ એક પદાર્થ છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ તો તેજ એટલે એ દેખાય છે આપણને દ્રષ્ટિગોચર થાય છે એ મૂર્તરૂપ છે પરમાત્માને પણ આપણે ક્યારેય એ નથી કહેતા કે મને પ્રકાશ દેખાય છે. આપણે તો કહીએ કે મને બસ, ઘટ-પટાદિ સંપૂર્ણ સંસાર દેખાય છે એ સિવાય બીજું કંઈ દેખાતું નથી એને કહેવામાં આવે છે **''પશ્યન્નપિ ચ ન પશ્યતિ મૂઢ : ।''** દેખાય છે છતાં મૂઢ વ્યક્તિ એને જોઈ શકતો નથી.

**ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુઞ્જાનં વા ગુણાન્વિતમ્ ।**
**વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ ॥**

॥ ગીતા -૧૫-૧૦ ॥

શેનાથી દેખાય છે ? તો કહ્યું, 'જ્ઞાનચક્ષુથી દેખાય છે.' ચર્મ ચક્ષુથી એ દેખાતું નથી. ને જ્ઞાન ચક્ષુ એટલે શું ? જ્ઞાન ચક્ષુ એટલે (ઉદા. તરીકે) લાડવો છે એ ગળ્યો લાગે છે પણ એ ગળપણ આંખથી દેખાય ? નહીંને, છતાં આપણે માનીએ છીએ. એવું જ્ઞાન આપણી અંદર છે એને જ જ્ઞાન ચક્ષુ કહેવામાં આવે છે.

**ક્રમશ....**

# સુખકર ઘડપણ (જીવન સંધ્યા)

હસમુખ પટેલ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**ગતાંકથી ચાલુ...**

કારણ સત્સંગના પરિવારના સભ્યો તો વડીલના જીવનને એમની રીતભાતનો આચાર વિચારને જ અનુસરવા ટેવાયેલા છે માટે સંસ્કારથી મઘમઘતા વડીલ જ વાસ્તવિકતાએ સંસ્કારોના પ્રેરણાસ્ત્રોત બની શકે છે.

જુદી જુદી માન્યતા ધરાવનારા અલગ-અલગ મત-મતાંતર, ચિત્ર-વિચિત્ર ખાનપાન, નવા નવા શોખ અને નવા નવા વિચારોને વળી અવળચંડા સ્વભાવો તો ખરા જ. એમાં નાના-મોટા, પુત્ર-પૌત્ર, ભાઈ-ભાંડુ, સાસુ-વહુ, દેરાણી-જેઠાણી પુત્રીને પુત્રવધૂ - આ બધાં કુટુંબ-જમેલાને જોડી રાખવા. સારા નરસાં પ્રસંગે સથવારો આપવો તથા પોતે ઘસાવવું અને સૌને સમજી સુખરૂપ વાતાવરણ સભ્યો વચ્ચે ઊભું કરવું એ કાર્ય વડીલનું છે. જે વડીલ પરિવારના પ્રત્યેક વ્યક્તિ સાથે અરસપરસ આત્મીયતાનો સેતુ બાંધી આપનાર છે એ જ વિનાશનો સેતુ બાંધી આપનાર બની જાય છે. વડીલ તરીકે આપણે વિચારવાનું છે કે આપણે પરિવાર માટે આત્મીયતાના સેતુ છીએ કે વિનાશના ?

એકથી વધારે સભ્યો જે કાર્યમાં જોડાવાના છે એ કાર્યમાં વ્યક્તિ વ્યક્તિએ મતભેદ તો જુદા પડવાના છે જ પરિવારમાં રહેનાર દરેક સભ્યને કયું શાક ભાવે છે ? એવો મત લેવો જોઈએ તો દરેક સભ્યે જુદો જુદો મત આવવાનો છે. જો દરેક સભ્યના મત મુજબ જ ઘરના મહિલાપાત્ર રસોઈ બનાવવા જાય તો કેટલાં શાક બનાવવાં પડે ? દરેક વ્યક્તિએ મતતો જુદા જ આવવાના છે. એવુ જરૂરી નથી કે આપણે જે મત આપ્યો છે એજ યોગ્ય છે. અને એ પ્રમાણે જ દરેક વ્યક્તિએ કરવું જોઈએ. કેટલીક વખત આવી વિચારધારાને લીધે મતભેદ તથા મનભેદ થઈ જતા હોય છે. મનભેદ થયા એટલે સમજવાનું કે અધોગતિને આવકારવી નહીં પડે. પ્રગતિને કહેવું નહીં પડે કે તું રૂંધાઈજા. એ બધુ આપો આપ ઊભું થઈ જશે. કારણ જ્યાં મનભેદ છે ત્યાં જ કુસંપ સર્જાય છે. માટે મનભેદ તો કદી ન જ જોઈએ. આ મનભેદ ન થવા દેવાની મહત્ત્વપૂર્ણ સેવા જ વડીલે બજાવવાની છે. આપણો નિરંતર એવો આગ્રહ રહેવો જોઈએ કે પરિવારના સૌ સભ્યો એક સાથે આત્મીયતાભર્યા વાતાવરણથી રહે.

વળી એની સાપેક્ષમાં વડીલ તરીકે એ પણ વિચાર રાખવો જરૂરી છે કે મતભેદમાંથી મનભેદ થવા માટે કરણરૂપ આપણે તો બની જતા નથી ને ! ઘણા વડીલોના એવા સ્વભાવ દેખાઈ આવતા હોય કે પોતાના જ દીકરાઓ તથા દીકરીઓને અંદર અંદર એકબીજા માટે પૂર્વાગ્રહ બંધાવી. મન જુદા કરાવી પોતાનો સ્વાર્થ સાંધતા હોય છે. એવા વડીલો પરિવારમાં કુસંપને વહેલો નોતરવામાં મદદરૂપ થઈ જતાં હોય છે. માટે વડીલ તરીકે ઠાવકા થઈ પરિવારમાં આત્મીયતા કરાવવા માટેની સેવા કરવાની છે. પોતાનું ઘર પરિવાર એક સુધર્યુ એટલે જગ આખુ સુધર્યુ માટે એવી ઉદાત્ત ભાવનાથી જો આપણે પરિવારમાં આત્મીયતા જાળવી રાખવામાં મદદરૂપ થઈશું તો આપણા જ પરિવારની એક અનોખી ગાથા મહેકશે. વડીલ તરીકે આપણે સૌને સમજતા શીખીએ અને સૌને પ્રેમથી સ્વીકારી સહજ સ્વભાવે તેમની સાથે રહેતા શીખીએ.

ધન-સંપત્તિ, માલ-મિલકત, આ બધાનો વારસો પોતાના પરિવારના સભ્યો તથા કુટુંબ-જમેલામાં આપવો એટલું જ કર્તવ્ય ફક્ત વડીલનું નથી. આ બધું જ ટકવાના આધારરૂપ સત્સંગ અને સંસ્કૃતિનો વારસો આપવો એ પણ એમની પવિત્ર ફરજ છે. એ પણ વડીલનું જ કર્તવ્ય છે. કર્તવ્યનિષ્ઠ વડીલનું લક્ષણ એજ છે કે જે પોતાના પરિવારના સભ્યોને દેહના સુખ કાજે લૌકિક સંપત્તિનો વારસો તો આપેજ. પરંતુ એના આત્મિક સુખ કાજે કે જે સાચી અને કાયમી સંપત્તિ છે એવા સંસ્કૃતિનો પણ વારસો આપે છે. લૌકિક સુખ-સાહેબી અને સાધનો તો વહેતા પાણીના પ્રવાહ જેવા છે. પરંતુ સત્સંગ, સંસ્કાર એ એવુ અમુલ્ય ઘટક છે કે જે પરિવારમાંથી ચાલ્યુ જાય તો પરિવારમાં લીલીવાડીને સૂકી થતાં વાર ન લાગે. જેની ચિંતા નિરંતર વડીલે જ રાખવાની છે - આપણા સંતાનો એ ઘર ચલાવવાની, વ્યવહારો સાચવવાની જવાબદારી પોતાના શિરે ઉપાડી લીધી છે. તો પરિવારમાં સત્સંગ અને સંસ્કૃતિનો વારસો જાળવી રાખવાની જવાબદારી તો કૂનેહપૂર્વક બજાવવી જ

જોઈએ.

આપણું ઘડપણ કેવી રીતે સુખકર નિવારવું જીવન સંધ્યાએ કેવા કાર્યો આપણે કરવા જોઈએ. જીવનસંધ્યાએ આપણી કુટેવો કેવી રીતે સુધારવી. આપણી કુટેવો કેવી છે તે આપણે વિગતવાર જોઈશું. જીવનસંધ્યાએ પહોચેલા વડીલોનું શું મુજવણ હોય છે તે જોઈશું.

આપણા પરિવારમાં આપણું વ્યક્તિત્વ એક વડીલ તરીકેનું છે ત્યારે એની સાપેક્ષમાં આપણું જીવન કે વર્તન પણ એ મુજબનું ઉચ્ચ જોઈશે. એકવાત સનાતન સત્ય છે કે જેમ પદવી મોટી તેમ એની ફરજો પણ મોટી છે અને જેમ પદવી મોટી તેમ એનું જીવન-વર્તન પણ પદવીને અનુરૂપ હોવું જોઈએ. એવા અસંખ્ય વડીલો નજરે પડે છે કે જેમનો ઉકળાટ હોય છે કે, "અમારા પરિવારમાં અમારું જાણે કોઈ સ્થાન જ ન હોય, અમારા માટેનો આદર-માન-મોટપ-મર્યાદા જ ન હોય એવું અનુભવાય છે, આજની નવી પેઢી અમને સમજવા પ્રયત્ન કરતી નથી. તો વળી અમારી વાતનો પણ સ્વીકાર કરતી નથી તથા અમારી આજ્ઞા મુજબ વર્તવાની કોઈ તૈયારી નથી. એટલું જ નહીં, જેને અમે પાળી-પોષીને નાનાથી મોટા કર્યા એજ અમને પોતાની સાથે ઘરમાં રાખવા તૈયાર નથી." સંભળાઈ રહેલા આવા અનેક ઊકળાટનો એક જ ઉત્તર છે - **''વિસંવદિતા''.**

વડીલોના આજની નવી પેઢી માટેનો ઊકળાટ જરૂર છે પણ એની સામે એવા ઘણાય પરિવાર છે કે જેમાં વડીલોને એવા કોઈજ પ્રશ્નો નથી. એમને એમના પરિવારથી અને પરિવારના સભ્યોથી સંપૂર્ણ સંતોષ છે. આવા મહેકભર્યા શબ્દોનું મૂળ કારણ એક જ છે **''સંવાદિતા''.** ઉપર જણાવ્યા તે બંને પ્રકારના વડીલોના વર્ગ એકસરખા સમાજમાં અને દેશમાં જ રહે છે. તેમ છતાં એક વર્ગના વડીલોને ઉદ્‌વેગ છે. જ્યારે બીજા વર્ગના વડીલોને અનેરો આનંદ છે. આનું મૂળભૂત કારણ એક જ છે. **''સંવાદિતા''** અને **''વિસંવાદિતા''** આપણી આસપાસ રહેનારો વર્ગ કે પરિવારના સભ્યો આપણાં વાણી, વર્તન અને વિચારની સામ્યતાથી જ આપણી સ્વીકૃતિ કરે છે.

હવે મિત્રો સ્વભાવ એટલે શું ? - **સામાન્ય અર્થ :** "ન કરવું હોય, ન ઈચ્છતા હોય, છતાંય સહજ રીતે થઈ જાય એનું નામ સ્વભાવ. પોતાના મનનું વલણ પોતાનો પાડી દીધેલો ઢાળો એટલે જ સ્વભાવ." **વિશિષ્ટ અર્થ :** "સ્વ" એટલે પોતાપણુ, ભાવ કહેતાં ખ્યાલ એટલે કે પોતાપણાનો ખ્યાલ એજ **સ્વભાવ.** સ્વભાવની ઉત્પત્તિનાં મૂળભૂત બે કારણો છે. **(૧) દેહભાવ :–** જેમ સમડી માંસનો લોચો લઈને ફરે તો એની પાછળ બધી સમડી ઊડતી ઊડતી આવે જ. કૂતરી જ્યાં જાય ત્યાં ગલુડિયાં પણ પાછળ ફરે જ. એમ દેહભાવ એજ સર્વદોષની જનેતા છે. જ્યાં દેહભાવ છે ત્યાં સર્વ દોષ હોય હોય ને હોય જ. **''જ્યાં લગી દેહને હું કરી માનશે ત્યાં લગી ભોગવિલાસ ભાવે.''** જ્યાં સુધી દેહભાવ છે ત્યાં સુધી સર્વ દોષ, સ્વભાવ-પ્રકૃતિ રહેવાનો જ. **(૨) કુસંગ :–** સ્વભાવ અને પ્રકૃતિ બંને સાથે બોલાય છે. પરંતુ બને વચ્ચે ઘણો મોટો ભેદ રહેલો છે. સ્વભાવ મિત્રો દેહ સાથે જડાયેલા છે જે પાડ્યા પડે છે તે ટાળ્યા ટળે છે. બોલબોલ કરવાનો સ્વભાવ, હઠીલો સ્વભાવ, ઝઘડાખોર સ્વભાવ, ઉતાવળિયો સ્વભાવ, ખટપટિયો સ્વભાવ વગેરે સ્વભાવો એ દેહ સાથે જડાયેલા છે જે ખપ, ખટકો, આગ્રહ અને નિયમથી ટળે છે. જ્યારે પ્રકૃતિએ ચૈતન્ય સાથે જડાયેલી વસ્તુ છે. દેહનો નાશ થાય છે પરંતુ આત્માનો નાશ થતો નથી. આત્માની સાથે અનાદિકાળથી જ જડાયેલા છે તેને **પ્રકૃતિ** કહેવાય.

**– ખરતા પાને પીડાતા વિવિધ રંગી સ્વભાવો :–**

**(૧) ક્રોધી સ્વભાવ :** જીવનસંધ્યાની અવસ્થા એટલે પરાધીનતા તરફ જવાની અવસ્થા. જેમાં ટૂંક સમયમાં અન્યના સહારે, અન્યની હૂંફથી, સેવાથી પાછળની જિંદગી વિતાવવાની છે. કેટલીક વાર પોતાની સગવડ સચવાય નહીં અથવા પોતાની ઈચ્છા મુજબ જમવાનું મળે નહીં તો પણ ક્યારેક ક્રોધાવેશમાં આવી જઈને, ગમે ત્યારે ગમે તેની આગળ ગમે તે બોલીને ક્રોધ કરી નાંખે છે. "કોઈ વસ્તુમાં ખાવા-પીવામાં ક્રોધ આવે તે ટાણે સર્પનો દેહ આવ્યો જાણવો, માટે કામ-ક્રોધાદિક વિકારનો ત્યાગ કરીને સાધુ થાવુ. પણ સ્વભાવને વશ થાવું નહીં તેવો સ્વભાવ હોય તો તે ટાળવો." ક્રોધનું તોફાન વિવેકનો નાશ કરી નાંખે છે. વડીલોના ક્રોધી સ્વભાવને કારણે ઘરનાં યુવાનો એમને કોડી (કીંમત વગર)ના કરી નાંખતા હોય છે. ક્રોધ અને કડવાવેણને દોસ્તો વિશેષ મેળ હોય છે. ક્રોધમાં માણસનું મોઢું ઉઘાડું રહે છે અને આંખો બંધ રહે છે.

**ક્રમશ....**

# પરમાત્માને જાણવા કેવી રીતે ?

પટેલ દેવીકાબેન જે.
ઓઝરાળા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પરમાદરણીય શ્રી બ્રહ્મનિષ્ઠ યતિન્દ્રવર્ય વૈદિક ધર્મ ધૂરંધર માધવ-પીઠાધિપતિ અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના ઓઝરાળા આશ્રમમાં કથા સત્સંગ આધારિત.

પરબ્રહ્મ પરમાત્માની મહત્તિ અનુકંપાથી સત્સંગનો લાભ લઈએ છીએ. સત્સંગથી તત્ત્વને જલ્દી જાણી શકાય છે.

**''ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોઽર્જુન ।**
**જ્ઞાતું દ્રષ્ટં ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ ॥''**

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને બતાવે છે કે હે અર્જુન ભક્તિના માધ્યમથી મને તત્ત્વથી જાણી શકે છે. પરમાત્માને તત્ત્વથી જાણવા જોવા અને પછી પરમાત્મામાં પ્રવેશ કરવો. પરમાત્માને માણવા કેવી રીતે ? તત્ત્વથી જાણવા તત્ત્વથી જોવા તો મારી અંદર ભળી શકે છે. આપણે ભગવાનમાં જ છીએ.

**''ના'વે મનના પ્રપંચ મૂકજે ને કરજે તત્ત્વ**
**વિચાર રત્ન પદારથ જન્મ છે તે ના'વે વારંવાર.''**

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન કહે છે હે અર્જુન તત્ત્વથી પરમાત્માને જાણવા માટે પ્રયત્ન કરવો. બધા મને તત્ત્વથી જાણી શકતા નથી. કોઈક જ મને તત્ત્વથી જાણી શકે છે. પૃથ્વી પર કેટલી વસ્તી હશે. આમાંથી કેટલા ભજન ભક્તિ કરતા હશે, હજારો મનુષ્યોમાંથી મારી ભક્તિ બહુ ઓછા લોકો કરે છે. એમાંથી કોઈક જ મને તત્ત્વથી જાણી શકે છે. બધા જ ખેતી કરે છે એમાંથી કરોડપતિ કેટલા થાય છે ? એમ હજારો બાળકો ભણે એમાંથી કેટલા આગળ જાય છે. એમાંથી કોઈક જ એકાદ ડોકટર થાય છે કે એન્જિનિયર થાય છે. એમ તત્ત્વથી મને બધા જ જાણી શકતા નથી. જે તત્ત્વ છે એ સર્વત્ર ભમી રહેલું છે, એ ભક્તિના માધ્યમથી જાણી શકાય છે. એમાં હવે તત્ત્વથી ભગવાનને જોવા.

**''સત્ચિત આનંદ સર્વમાં ભરી રહ્યો ભરપુર,**
**દીન રજની રહે રંગમાં નિરમળ વરસે નૂર.**
**ચિન્હ ચરિત્ર જેને નહિ સૌનો પ્રેરક સોય,**
**પ્રીતમ તેને પ્રીછતા, આવા ગમન ન હોય,**
**સોહં પ્રકાશક સર્વનો સાક્ષી શુદ્ધ સ્વરૂપ,**
**પ્રીતમ તે પરમાત્મા એ છે અકળ-અનુપ-**
**......સાંભળ શુદ્ધ ચિત્તે કરી.''**

પ્રીતમ દાસજી એ કહ્યું કે જેને ચિન્હ ચરિત્ર નહીં એને તે તત્ત્વથી જાણી શકે છે. પહેલા જાણવા પછી જોવા અને આપણે તો જાણ્યા વગર જોવા છે. આખુ જગત વાસુદેવ પરમાત્મારૂપ છે. કોઈ એવી જગ્યા નથી કે જેમાં પરમાત્મા ન હોય. માયામાં પ્રેમ કરે તો મળે શું ? પરમાત્મામાં પ્રેમ કરો તો પરમાત્મા મળે. ભગવાન મળે તો પણ માયા તો મળવાની જ છે. લક્ષ્મીજી ભગવાનના ધર્મ પત્ની અથવા તો શક્તિ અથવા તો માયા. બોલો કોના માટે દોડા દોડ કરો છો ?

પરમાત્મા તો બધાને મળેલા છે પણ આપણે પરમાત્માને જાણતા નથી સગુણ સાકારને જાણીએ છીએ નિર્ગુણ નિરાકારને જાણી શકતા નથી.

**''ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુઞ્જાનં વા ગુણાન્વિતમ્ ।**
**વિમૂઢા નાનુપશ્યંતિ પશ્યંતિ જ્ઞાનચક્ષુષઃ ॥''**
**''યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।**
**તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥''**

હે અર્જૂન જે મને સર્વમાં સર્વત્ર જુએ છે મારી અંદર જુએ છે પરમાત્મા બધામાં જેવા ભક્તોમાં પણ જોવા પરમાત્માની અંદર જ બધુ છે.

**પ્રભુ પોતામાં પોતે પરિબ્રહ્મમાં**
**પ્રભુ વિના દીસે નહિ કાય બ્રહ્મરસ પીજીએ.**

જીવો વેદ પુરાણ બહું સાંભળે પણ પ્રેમ કરે છે શેમાં ? જીવો જો પરમાત્મામાં પ્રેમ કરે એટલી જ વારમાં પ્રભુ પ્રગટ થાય છે.

**''ભક્ત્યા મામભિજાનાતિ યાવાન્યશ્ચાસ્મિ તત્ત્વતઃ ।**
**તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્ ॥''**

તત્ત્વના માધ્યમથી મને જાણી શકે છે. ભક્તિ એ ઉત્તમમાં ઉત્તમ સાધન છે. મોક્ષએ સામગ્રી છે. ભક્તિનો અર્થ છે પ્રેમ. સાચામાં પ્રેમ કરવોએ ભક્તિ અને ખોટામાં પ્રેમ કરવો એ માયા છે. નદીઓ પહેલા સાગરને જાણે પછી જોવાને માટે પ્રયત્ન કરે અને નજીકમાં જઈ જુએ આ જ સાગર છે પણ એમાં પ્રવેશ કરે છે. તેથી નદી મટીને સાગર બની જાય છે. ગમે તેટલા ભગવાન બની જાય પણ ભગવાન તો એક જ છે. બે ભગવાન ન બને. વધારે વરસાદ પડે નદીઓનું પાણી સાગરમાં જાય છે. સાગર તો એકનો એક જ છે. સાગર બે ન થાય. ગમે તેટલું પાણી આવે પણ સાગર બે ન બને. પરમાત્માને જાણવામાં લાભ છે.

**''એને આધારે સૌ રહ્યુ – પિંડ અને બ્રહ્માંડ સચરાચર વ્યાપી રહ્યો અવિનાશી અખંડ .....સાંભળ શુદ્ધ ચિતે કરી.''**

ભક્તિના માધ્યમથી તત્ત્વને જાણી શકાય છે. ભોજન તો મળવાનું છે પણ ભગવાનની ભક્તિ મનુષ્ય જન્મમાં જ થઈ શકે છે. માનવને અડધી ક્ષણ સત્સંગરૂપી ખજાનો મળી જાય તો આનંદનો ખજાનો મળી ગયો. પરમાત્મા તો સુખ-સુખના ભંડાર છે. તે પરમ આનંદ સ્વરૂપ આત્મા છે. એ પોતાની અંદર જ છે જો સત્સંગ કરવામાં આવે તો માનવને આનંદનો ખજાનો મળી જાય. જે આત્મા આનંદનો ખજાનો છે એવો બીજો કોઈ આનંદ નથી એ આત્માનો આનંદ વધતો ઘટતો નથી. એતો પૂર્ણ આનંદ છે. પરમાત્માને સમજવા / જન્મોના જન્મ વીતી જાય તો પણ આપણે સમજી શકતા નથી અને જો સદ્‌ગુરૂ મળે તો ક્ષણમાં સમજાય જાય વાર લાગતી નથી. પ્રકાશ કયારે થાય ? દીવો કરવો પડે. દીવો કરવા માટે સામગ્રી જોઈએ. દીવો જોઈએ, ઘી જોઈએ દીવેટ માટે રૂ જોઈએ, દીવાસળી જોઈએ, ત્યારે પ્રકાશ થાય છે. એમ અજ્ઞાનનો પડદો હટી જાય, આવરણ હટી જાય ત્યારે બ્રહ્મનો પ્રકાશ થાય છે. આપણે અનિત્ય માટે મહેનત કરીએ છીએ. ખોટું એ તો માયાથી બનેલું છે.

**''સંતના શબ્દો સવા સવા લાખના રે,**
**સંતના શબ્દે રહે વિશ્વાસ....સંતના શબ્દો...''**

સાચું સમજાય જાય અંતરમાં ઉતરે તો પ્રભુને જાણી શકાય છે.

## આત્મસંયમ અને આત્મજ્ઞાનનો બેવડો મહાસાગર એટલે પૂ.માધવાનંદ

મીનાક્ષી આઈ. પટેલ
અમદાવાદ

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

**આત્મસંયમને પૂજ્યશ્રી માધવાનંદ સંપ્રદાય :–** અહીં આત્મસંયમ શબ્દનો અર્થ ગુઢાર્થે લેવો રહ્યો. સર્વશાસ્ત્રોનો સ્વરા-સાર આત્મજ્ઞાન પર નિર્ભર છે. અહિ સંપ્રદાયનો પાયો જ જ્ઞાનને વળી આત્મજ્ઞાન-બ્રહ્મજ્ઞાનના સંબંધે રચાયેલો છે.

**વૈરાગ્યના પદને વિઘ્ન આડા ઘણા,**
**કઠણ બંધ કામના કંઈક છૂટે,**
**કનકને કામની ચોકી આડી સામની,**
**બ્રહ્મની ભક્તિને એજ લૂટે...**

પૂજ્યશ્રીની પરંપરાને જાણ્યા પછી લાગે છે વૈરાગ્યનું પદ મેળવતા ઘણા કષ્ટો આવે ને જો સહનશીલતા ના હોય તો ખાલી ઠામ જેમ જીવનમાં રહેવાનું થાય.

કામના કહો કે વાસના અંત સુધી મનુષ્યનો છેડો છોડતી નથી. ગાડી-બંગલા-નામ-વસાહતો-પૈસા-જ્ઞાન-બુધ્ધિ-કુટુંબ-રૂપ-દાગીના વિગેરેની વાસના ઉપરાંત સિધ્ધિ-પ્રસિધ્ધી માટે કામના હોય એ માંથી મુક્તિ ઘણી જ અઘરી છે. હાલના સમયમાં પૈસાને પ્રસિધ્ધિ વીના ઘણીવાર સંતો પણ નથી રહેતા તો પછી સામાન્ય મનુષ્યની શી ગતી ! પરંતુ એટલું જ સત્ય છે કે બધા કોઈને કોઈની ગુલામીમાં સડતા રહે છે મુક્તિ શબ્દથી યોજનો દૂર થઈ જાય છે અને ચાપલુશી-દલાલી-ખુશામતખોર-દલીલ ખોરની લાઈનમાં ચાલ્યા જાય છે. અહીં ધર્મઝનૂન નહી કેવળ આત્મદ્રષ્ટિથી જોઈએ તો પૂજ્યશ્રી આપણ સૌને સમાજ દુનિયા-વહીવટ ઉપરાંત આ દેહની ગુલામીમાંથી મુક્તિ અપાવવાનો માર્ગ ચીંધે છે. જે માટે યોગ્ય આત્મ-નઝર કેળવવી પડે. પરંતુ શું આપણામાં આપણા સમાધિષ્ઠો જેવી સહનશીલતાને જ્ઞાનની વેધકતાભરી નઝર છે ?

અરે સૂક્ષ્મ વાસનાઓ આનાથી ખરાબ ગતી કરાવે છે. સત્સંગમાં કોઈની સાડી-વેશભૂષા-સ્ત્રીઓની ટોળી કે પૂરૂષોની ટોળી-જમવાનું-આશ્રમનું બીલ્ડીંગને સગવડતા-ચંપલોની પર ચાંપતી નજર વિગેરે વીના આ જીવને ચેન પડતું નથી.

સ્વતંત્રતા-સ્વચ્છંદતાથી શું શું કરી શકાય એનું લીસ્ટ લાંબુ છે. તાત્ત્વિક વિનમ્રતાને વિવેકથી શું થઈ શકે અને વધારે સારું કેમ કરી શકાય તેના ઉપાયો ખૂટે છે. હું ટ્રસ્ટી હું સેવક, હું એક્ટર, હું મોભાદાર વિગેરે અનેક "હું" ના હુલામણા ઉપનામોથી વ્યક્તિત્ત્વને ભરી દઈએ છીએ, પછી સત્સંગમાં સારુને સત્સંગની ગોળી-ટેબલેટ દવા વિના તબીયત બગડે છે. પરંતુ માધવાનંદ સંપ્રદાયમાં થોડો ફરક છે. શરૂઆતથી જ આત્મજ્ઞાનના અને ત્યાગ-વૈરાગ્યની એરણ પર સૌને કોઈજાતના ભેદ-કક્ષા-જાતિ વિગેરે વિવાદોથી પર રાખીને ચઢાવાય છે.

ત્યાગ પછી વૈરાગ્ય જાગે ! અને જો વૈરાગ્ય એટલે કે આમાની કોઈપણ વસ્તુ વાસના ત્યાગી દેવાય તો આપોઆપ ઉદાસીનતામાંથી વૈરાગ્ય કેળવાય. હા ઘણીવાર, વૈરાગ્ય દેખાય, બોલાય પણ પળાય નહી તો જે તે કામનાનો જળમૂળથી ત્યાગ થતો નથી. જેમ કે સોનામાંથી મન ઉઠી જાય તો કેટલોક વપરાશ ઓછો થાય તો વૈરાગ્ય કેળવાય પરંતુ સંપૂર્ણ ત્યાગ થાય (પહેરવુ-સંઘરવુ-સદંતર વ્યવહારમાંથી બાદ કરવું) તો જ સોના પ્રત્યેનો વૈરાગ્ય ટકે. માટે જે તે કામના કે વસ્તુ કે સિધ્ધિનો સંપૂર્ણ ત્યાગ વૈરાગ્યનું બ્રહ્માસ્ત્ર છે કારણ કે વિવેકથી થયેલ વૈરાગ્ય ત્યાગને પોતાનામાં સમાવી લે છે અને મનને કાબુમાં લઈ લે છે.

પૂજ્યશ્રીએ આ માટે કનક અને કામીનીના સમ્યક ત્યાગ પર ખાસ ભાર મૂકી એ અંગેની જ તાલીમ મળતી રહે અને એ રીતે તાલીમથી આત્મસંયમ કેળવાય. મર્યાદાઓ વિશે સભાનતા કેળવાય. વળી સ્ત્રીઓ શરૂથી જ સોનાના ઠઠારા કરવા, સંઘરવુ, ઘરેણાનો દેખાડો કરવો વિગેરેમાં થોડો સંયમ જાળવશે. તો સંપ્રદાયના સેવકો ભાગ-લાગ-કુટુંબના ઝઘડા-મા-બાપની સેવા-દુકાન-ખેતી-નોકરીમાં ગોટાળા કરવા કે જલ્દીથી પૈસાદાર-મોભાદાર બનવા બીજાની ગરદન કાપવાનો વિચાર નહી કરે મતલબ સારા શબ્દોમાં **ધર્મસંસ્કાર**ને જાળવશે.

ગુરૂગીતાના રોજીંદા પાઠને અન્ય સંસ્કારો મનુષ્યને અનેક યોનીઓના પાપરૂપી દોષમાંથી મુક્ત કરાવીને અવશ્ય અધ્યાત્મજ્ઞાન તરફ વાળશે. નિદિધ્યાસન ને આત્મજ્ઞાનની કેળવણીથી નાની નાની વાત પર ઝગડવાથી-ચોરી-ઈર્ષ્યા કોઈની આબરૂપર જવું વિગેરેમાં સંયમ જાળવી શકશે. વળી જે ઉપાસનાને ઉપદેશ પૂજ્ય માધવાનંદજીની સમાધી દ્વારા મળી રહેલ છે તેમાં અન્ય ગુરૂજનોની સમાધી સાંખ્ય પૂરે છે અને સેવકોની શ્રધ્ધા વડે વિકારો ઉત્પન્ન થાય એ પહેલા જ એના કારણો વડે ડામી દેવા-નાથી દેવા એવા વિવેકપૂર્ણ પ્રયોગો શિક્ષણ-અધ્યાત્મને અનુભવના જ્ઞાન દ્વારા સંતો સર્વથાને સર્વદા સેવકોને પીરસે એવો સરળ ને વિશિષ્ટ માર્ગનો અધ્યાત્મ વારસો છોડી ગયા છે.

પૂજ્ય સદ્‌ગુરૂ સ્વામીશ્રી માધવાનંદજીએ આદ્યગુરૂ શ્રી શંકરાચાર્યજીના સનાતન અદ્વૈત માર્ગની વિશિષ્ટતાઓ અલગ તારવી લઈને પોતાના સંપ્રદાયમાં અધૂરા-ભણતરને ગણતર વાળી વ્યસની-વીકારી-ફેશન-પરસ્ત-પૈસાના લીધે આડા માર્ગે વળેલા-અંધશ્રધ્ધાથી ખોટા ધર્મે ચડેલા એવા સેવક સમૂદાયને ઉપરાંત સંત તરીકે વૈરાગ્યના માર્ગે આગળ વધનારા મુમુક્ષુઓ સૌને ધ્યાનમાં રાખીને (૧) શ્રવણ એટલે કે સદાયે ગુરૂ-સંતોના સાનીધ્યમાં સત્સંગ-પાઠ-માલા-નિત્યકર્મ ઉપરાંત (૨) કર્મમનન એટલે કે ગુરૂ દ્વારા સાધ્ય સચ્ચિદાનંદ માર્ગનું સતત મનન અને પછીથી (૩) નિદિધ્યાસન એટલે કે સાધનોને સાધ્ય કરવાની રીત.

જેમ જેમ સત્સંગ વધે સંતોની દ્વારા ચાલતા શિબિરો-ચાતુર્માસ-કુંભમેળાના પ્રવચનો ઉપરાંત ગંગાસ્નાન વિગેરે પવિત્ર સાધનો વડે સચ્ચિદાનંદ-બ્રહ્મજ્ઞાનનું સ્મરણ એકધારું થયા કરે એવા સઘન અભ્યાસ ઉપરાંત નિદિધ્યાસન વિગેરેની આપણે સૌ પ્રેરીત છીએ.

આમ વૈદીક આશ્રમ-ગૃહસ્થાશ્રમ અદ્વૈત સનાતનનો વિશિષ્ટ પધ્ધતિથી પ્રસાર કરનાર સદ્‌ગુરૂ પૂજ્યશ્રી માધવાનંદજી આપણી વચ્ચે ધર્મ સંસ્કારોના ફલરૂપ સત્સંગદેહે-સૌના આત્માની આહલેક જગાવવા મનને નિદિધ્યાસને આત્મરૂપથી દર્શન આપનારા-શ્રુતિ પ્રમાણ દ્વારા સચ્ચિદાનંદ શબ્દનું વિશાળ દર્શન કરાવનારા ગુરૂશ્રેષ્ઠને વધુને વધુ આપણા સૌનો આત્મસંયમ કેળવાય એ માટે વિનવતા રહીએ અને સર્વ ગુરૂજનો સંતોના આશીર્વાદ મેળવવા કૃપાપાત્ર બનીએ...

ત્યાગ-વૈરાગ્યના અધ્યાત્મીકદર્શનથી આત્મજ્ઞાન કેળવવા જાતને તૈયાર કરતા રહીએ તો જ દેહાશક્તિ જાય. વડીલોના અનુભવદર્શનથી ફલીત થાય છે કે ચામડીનો મોહ જમના તેડા આવે ત્યાં સુધી તાજો જ રહે છે અને છેલ્લે દુઃખને વીટંબણાઓ થી કૃશ થયેલા ઘરડા શરીરને ત્યાગવું અભ્યાસ વીના અઘરું થઈ પડે ! તો આજથી જ આત્મસંયમી બની આત્મજ્ઞાન મેળવવા સારું જાતને તૈયાર કરીએ...

**ક્રમશઃ**

# જય સચ્ચિદાનંદ

# મોક્ષ પ્રાપ્તિનું મહાપર્વ-ચાતુર્માસ

ભૂમિ અનિલ માંગુકીયા
(સુરત)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

આપણી સંસ્કૃતિએ જે આપ્યું છે તેવુ ને તેટલું બીજી કોઈ સંસ્કૃતિઓએ આપ્યું નથી. જેમ કે, સોળ સંસ્કાર, મુર્તિપૂજા, મંદિરો, તીર્થસેવન, સાધુ સંગતિ, વિધિ-નિષેધ, પતિવ્રતાપણુ, માતા-પિતા, અતિથી-ગુરૂમાં દેવ બુદ્ધિ, ઉપાસનાની પ્રણાલિકા, વર્ણ-આશ્રમ દ્વારા ઉચિત જીવન વ્યવહાર, સત્કર્મથી મુક્તિની પ્રાપ્તિ થાય છે એવો દ્રઢ વિશ્વાસ વગેરે હિંદુ સંસ્કૃતિની અણમોલ દેણ છે.

આપણા હિન્દુ પંચાંગમાં અનેક તહેવારો ઉત્સવો છે. વર્ષના બાર મહિના અને તેમાં પણ દરેક માસનું આગવું મહત્ત્વ છે.

ચોમાસાના ચાર મહિના અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો આ ચારમાસનો ચાતુર્માસ કહેવાય છે. દેવપોઢી એકાદશીથી દેવ ઉઠી-એકાદશીનો સમય એ ભગવાનના શયનકાળનો ગણાય છે. આ સમયગાળો પ્રવૃતિથી નિવૃતિનો ગણી વ્યવહારીક શુભ કાર્યના નિષેધ માટે ગણવામાં આવેલો છે. જ્યારે ભગવદ્ સ્મરણ માટે સર્વોત્તમ ગણવામાં આવેલો છે.

દેવશયનની (અષાઢસુદ) એકાદશીથી દેવઊઠી (કારતક સુદ) એકાદશી સુધી સતત ચાર મહિનાને પવિત્રપર્વો-ઉત્સવોથી ગૂંથી લેવામાં આવ્યા છે.

દેવશયનની એકાદશીથી ચાતુર્માસનો પ્રારંભ થાય છે. ભગવાન વિષ્ણુ ક્ષીર સાગરમાં શયન કરે છે. તેથી આ એકાદશીને દેવશયનની એકાદશી કહી છે. આ ચાતુર્માસ અંગેની અનેકાનેક કથાઓ વર્ષોથી સાંભળવા મળતી આવી છે અને આવે છે. તેમાંથી એક કથા એવી પણ છે.

એક સમયે વિષ્ણુ ભગવાને દાનવીર બલિરાજાનું રાજ્ય લઈ લેવા માટે બટુક બ્રહ્મચારીનો વેશ ધારણ કર્યો અને વામન સ્વરૂપ ધારણ કર્યુ. બલિરાજા પાસે ત્રણ ડગલા ભૂમિ આપવાની રજુઆત કરી. બલિરાજાએ તે આપવા તત્પર થયા ત્યારે તેમના ગુરૂ શુક્રાચાર્ય તથા અન્ય દાનવોએ બલિરાજાને કહ્યું કે, આ ત્રણ ડગલા ભૂમિમાં તે તારું સર્વસ્વ લઈ લેશે. ત્યારે બલિરાજા એ કહ્યું, તેમનું આપેલુ છે તેથી હું રાજ કરું છું. તેમણે જે માંગ્યુ છે તે હું આપીશ જ. વિષ્ણુજીએ પોતાનું સ્વરૂપ વામનમાંથી વિરાટ સ્વરૂપ ધારણ કર્યુ. તેમના બે પગલામાં પૃથ્વી અને સ્વર્ગ બને લોક આવી ગયા. સઘળી સંપત્તિ ખોઈ બેઠેલા બલિએ અંતે એક પગલા માટે પોતાના દેહને ભક્તિભાવથી સમર્પિત કરીને પ્રતિજ્ઞા પૂર્ણ કરી. વિષ્ણુજીએ બલિનું ધન જીત્યુ બલિએ ભગવાનનું મન જીત્યું તે દિવસથી ભગવાન વિષ્ણુ એ પાતાળમાં રહેવાનું સ્વીકાર્યુ છે એમ કહેવાય છે.

અષાઢ સુદની એકાદશીએ વિષ્ણુ ભગવાન પોઢે છે. તેથી એ એકાદશીને દેવપોઢી કહેવામાં આવે છે. ભાદરવા સુદ એકાદશીએ પડખું ફેરવે છે તેથી તેની પાર્શ્વવતીની એકાદશી કહેવાય છે અને કારતક સૂદ એકાદશીએ જાગે છે તેથી તે એકાદશીને દેવ ઉઠી એકાદશી કહેવાય છે.

આ ચાતુર્માસમાં ભજન-કીર્તન-ભક્તિ-વ્રત ઉપાસના ખૂબ જ મહત્ત્વના છે.

ચાતુર્માસમાં એકાદશી અવશ્ય કરવી જોઈએ તેવો શાસ્ત્રોમાં સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

**यन च मूत्त्थाने मत्यार्श्वपरिवर्तने ।**
**नरो भूलकलहारी हत्शित्यं ममार्ययेत् ॥**

મારા પોઢવાના દિવસે (દિવશયની એકાદશી) મારા ઊઠવાના દિવસે (પ્રબોધિની એકાદશી) ને મારા પડખા ફરવાના દિવસે (પરિવર્તિની-જળઝીલણી-એકાદશી) વ્યક્તિ, દૂધ, જળ કે ફળ, પત્ર આરોગે છે. તે મારા હૃદયમાં શૂળ ભાંકે છે. અર્થાત્ આ ત્રણે એકાદશીઓ સંપૂર્ણ નિર્જલા એકાદશી કરવી જોઈએ.

આયુર્વેદના મતે, આપણી છએ ઋતુઓ-હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદમાં વર્ષાઋતુ સૌથી વધુ રોગોની જનની છે.

આમ, આરોગ્યની દ્રષ્ટિએ પણ ચાતુર્માસ દરમ્યાન ઉપવાસ, એકટાણા વ્રત કરવા એ હિતાવહ છે. જેના કારણે આપણુ સ્વાસ્થય પણ બરાબર રહે આ મહિનાઓમાં રોગો વધારે થવાની શક્યતા રહે છે. વાતાવરણ વરસાદનું હોય અને આજુબાજુ વધારે પાણી ભરાવાથી મચ્છરનો ઉપદ્રવ પણ વધી જાય છે. તેથી તાવ, શરદી, કોલેરા વગેરે થવાની શક્યતાઓ પણ રહેલી છે.

આમ, ચાર્તુમાસનું આવું મહત્ત્વ આપણા હિન્દુ ધર્મમાં દર્શાવવામાં આવ્યું છે.

ચાતુર્માસમાં આપણા સંતો પણ ચાતુર્માસ પાળે છે. આ સમયમાં સ્વામીજી ચાતુર્માસના બધા મહિના એક જ જગ્યાએ રહે છે અને કથા કરે છે.

**જય સચ્ચિદાનંદ**

# કર્મબંધનથી મુક્ત થવાનો ઉપયાગ

ભગવાનભાઈ સી. ભલાણી
વલ્લભીપુર

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પ્રત્યેક મનુષ્યનો પોતાની પ્રકૃતિને સાથે લઈને જ જન્મ થાય છે. આથી તેઓ પોતાની પ્રકૃતિ અનુસાર કર્મો કરવાં જ પડે છે. એટલા માટે હવે ભગવાન આગળના શ્લોકમાં પ્રકૃતિને શુધ્ધ કરવાનો ઉપાય બતાવે છે.

**ઈન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ ।**
**તયોર્ન વશમાગચ્છેત્તૌ હ્યસ્ય પરિપન્થિનૌ ॥**

ઈન્દ્રિય-ઈન્દ્રિયના અર્થમાં એટલે કે પ્રત્યેક ઈન્દ્રિયના પ્રત્યેક વિષયમાં (મનુષ્યના) રાગ અને દ્વેષ વ્યવસ્થાથી સ્થિત છે અનુકૂળતા અને પ્રતિકૂળતાને લઈને.

મનુષ્યે એ બન્નેને વશ ન થવુ જોઈએ, કેમકે તે બન્નેય એના કલ્યાણમાર્ગમાં વિઘ્નો નાખનારા શત્રુ છે.

પ્રત્યેક ઈન્દ્રિય (શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના અને ઘ્રાણ) ના પ્રત્યેક વિષય (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) માં અનુકૂળતા-પ્રતિકૂળતાની માન્યતાને લીધે મનુષ્યના રાગદ્વેષ સ્થિર રહે છે. ઈન્દ્રિયના વિષયમાં અનુકૂળતાનો ભાવ થવાથી મનુષ્યનો તે વિષયમાં 'રાગ' થઈ જાય છે અને પ્રતિકૂળતાનો ભાવ થવાથી તે વિષયમાં 'દ્વેષ' થઈ જાય છે. (દ્વેષ)-વાસ્તવમાં જોવામાં આવે તો રાગદ્વેષ ઈન્દ્રિયોના વિષયોમાં નથી રહેતા. જો વિષયોમાં રાગદ્વેષ સ્થિર હોત તો એક જ વિષય બધાને સમાનરૂપે પ્રિય અથવા અપ્રિય લાગેત. પરંતુ એવું નથી હોતું.

જેમ કે વરસાદ ખેડૂતને તો ગમે છે પણ કુંભારને નથી ગમતો. એક મનુષ્યને પણ કોઈ વિષય સદા પ્રિય કે અપ્રિય નથી લાગતો, જેમ કે ઠંડી હવા ગરમીમાં સારી લાગે છે પણ શિયાળામાં નહીં. આ રીતે બધા વિષયો પોતાના અનુકૂળતા કે પ્રતિકૂળતાના ભાવથી જ પ્રિય અથવા અપ્રિય લાગે છે.

**માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણસુખદુઃખદાઃ ।**
**આગમાપાયિનોઽનિત્યાસ્તાંસ્તિતિક્ષસ્વ ભારત ॥**

હે કુંતીપુત્ર ! ઠંડી-ગરમી અને સુખ-દુઃખ દેનારા ઈન્દ્રિયો સાથેના વિષયોના સંયોગો તો ઉત્પત્તિ-વિનાશશીલ છે, અનિત્ય છે. માટે હે ભારત ! તેમને તું સહન કર. કેમકે હે ભરતશ્રેષ્ઠ ! દુઃખ-સુખને સમાન સમજનાર ધીર પુરુષને આ ઈન્દ્રિયો સાથેના વિષયોના સંયોગો વ્યાકુળ નથી કરતા, તે મોક્ષને પાત્ર થાય છે.

જુઓ ભગવાન કોઈના સુખ, દુઃખ દૂર કરતા નથી જો એમ હોત તો ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનના પરમમિત્ર અને સંબંધી હતા, છતા પણ, બધુ જ કરવા માટે સમર્થ અને શક્તિમાન હતા, એ તો જે ધારે તે કરી શકે, પણ એણે એવું નથી કર્યુ અને બધુ જ અર્જુન પાસે જ કરાવ્યું અને કહ્યું કે તારું કર્મ તારે જ કરવું પડે. આગળ કહે છે,

**''ત્રૈગુણ્યવિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન ।**
**નિર્દ્વન્દ્વો નિત્યસત્ત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્ ॥''**

માટે તું એ ભોગો તથા અને એમનાં સાધનોમાં આસક્તિ રહિત અને હરખ-શોક વગેરે દ્વન્દ્વોથી રહિત બનીને નિત્યવસ્તુ પરમાત્મામાં સ્થિત થઈ જા. તેમજ યોગક્ષેમને ન ઈચ્છનાર એટલે કે શરીર નિર્વાહની પણ ચિંતા રાખ્યા વગર તથા સ્વાધીન અંતઃકરણનો એટલે કે જીતેન્દ્રિય થા. તું આસક્તિ ત્યજીને તથા સિધ્ધિ અને અસિધ્ધિમાં સમબુધ્ધિ રાખીને યોગમાં સ્થિત થઈ કર્તવ્ય કર્મો કર, 'સમત્વ' એજ યોગ કહેવાય છે, જે કંઈપણ કર્મ કરવામાં આવે, એ પુરું થાય કે ન થાય તેમજ તેનું ફળ અનુકૂળ મળે કે પ્રતિકૂળ મળે, તેમાં સમભાવ રહેવો તેનું નામ 'સમત્વ' છે.

તું સમબુધ્ધિમાં જ રક્ષણનો ઉપાય શોધ અર્થાત્ બુધ્ધિયોગનો જ આશરો લે, કેમ કે ફળનો હેતુ બનનારા અર્થાત્ ફળની ઈચ્છા કરનારા મનુષ્યો દયાને પાત્ર છે. સમબુધ્ધિયુક્ત માણસ પુણ્ય અને પાપ બેયને આ લોકમાં ત્યાગી દે છે. તેમનાથી મુક્ત થઈ જાય છે, માટે તું સમત્વરૂપ યોગમાં જોડાઈ જા, આ સમત્વરૂપ યોગ એજ કર્મોમાં કુશળતા છે. અર્થાત્ કર્મબંધનમાંથી છૂટવાનો ઉપાય છે.

કેમ કે સમબુધ્ધિથી યુક્ત જ્ઞાનીજનો કર્મોથી ઉત્પન્ન થનાર ફળનો ત્યાગ કરીને જન્મરૂપી બંધનથી મુક્ત થઈ નિર્વિકાર પરમ પદને પામે છે.

**'રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ ।**
**આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ॥'**

પરંતુ સ્વાધીન અંતઃકરણનો સાધક પોતાના વશમાં કરેલી રાગદ્વેષ વિનાની ઈન્દ્રિયો દ્વારા વિષયોમાં વિચરણ કરતો હોવા છતાં અન્તઃકરણની આધ્યાત્મિક પ્રસન્નતાને પામે છે. અન્તઃકરણ પ્રસન્ન થતાં એનાં સર્વ દુઃખોનો અભાવ થઈ જાય છે અને એ પ્રસન્ન-ચિત્ત કર્મયોગીની બુધ્ધિ તત્કાળ બધી બાજુએથી દૂર

થઈને એક પરમાત્મામાં જ સારી પેઠે સ્થિર થઈ જાય છે. જે પુરુષે મન અને ઈન્દ્રિયો જીત્યાં નથી તેનામાં નિશ્ચયાત્મિક બુધ્ધિ નથી હોતી તેમજ એ અયુક્ત માણસના અંતઃકરણમાં ભાવના પણ નથી હોતી એવા ભાવનાહીન માણસને શાંતિ નથી મળતી અને શાંતિ વિનાના માણસને સુખ કયાંથી મળે ?

**''તસ્માધસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ ।**
**ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥''**

તેથી હે મહાબાહો ! જે પુરુષની ઈન્દ્રિયો ઈન્દ્રિયોના વિષયોથી સર્વ પ્રકારે નિગૃહીત કરાયેલી છે, એની બુધ્ધિ સ્થિર છે.

**''સંસ્તભ્યઆત્માનમૂઆત્મના''**

પોતાના દ્વારા પોતાને વશ કરીને, પોતાના દ્વારા પોતાની જાતને વશમાં કરવી અર્થાત્ પોતાનો સંબંધ કેવળ પોતાના શુધ્ધ સ્વરૂપની સાથે અથવા પોતાના અંશ ભગવાનની સાથે રાખવો,

**''ઉધ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્ ।**
**આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥''**

પોતાના વડે પોતાનો ઉધ્ધાર કરે, પોતાને અધોગતિમાં ન નાખે, કારણ કે પોતે જ પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે.

**''બન્ધુરાત્માત્મનસ્તસ્ય યેનાત્મૈવાત્મના જિતઃ ।**
**અનાત્મનસ્તુ શત્રુત્વે વર્તેતાત્મૈવ શત્રુવત્ ॥''**

જેણે પોતે-પોતાથી, પોતે-પોતાને જીતી લીધો છે, તેના માટે પોતે જ પોતાનો મિત્ર છે અને જેણે પોતાને જીત્યો નથી એવા અનાત્માનો આત્મા જ શત્રુતામાં શત્રુની જેમ વર્તે છે.

પોતાનામાં પોતાના સિવાય બીજાની સત્તા છે જ નહીં. આથી જેણે પોતાનામાં પોતાના સિવાય બીજાં-(શરીર, ઈન્દ્રિયો, મન, બુધ્ધિ વગેરે) ની કિંચિત્ માત્ર પણ આવશ્યકત્તા નથી રાખી અર્થાત્ અસત્ પદાર્થોના આશ્રયનો સર્વથા ત્યાગ કરીને જે પોતાના સમસ્વરૂપમાં સ્થિત થઈ ગયો છે, તેણે પોતાની જાતને જીતી લીધી છે,

**''જાગો હવે ઉધ્ધાર પોતાનો પોતે કરો રે,**
**આળસને કાયરતાં દૂર કરો રે.''**
**''પ્રભુ પોતામાં પોતે પરિબ્રહ્મમાં,**
**પ્રભુ વિના દિસે નહીં કાંઈ.''**
**''જો આપે ભજીએ બ્રહરૂપ તો બ્રહ્મને ભાળીએ જી રે,**
**મૂળદાસ કહે મહાનિધ્ય કે વસ્તુ નિહાળીએ જી રે.''**

વસ્તુ એટલે પોતે શુધ્ધસ્વરૂપ, આત્મા સત્-ચિત્ત-આનંદ. "અખેબ્રહ્મ અવલોકિયું સદ્‌ગુરુ કેરી ખોજ." અંતર્યામી પરમાત્મા રે, બ્રહ્મદર્શા રે, વ્હાલો દર્શા પોતાની મોજ "હું જ બ્રહ્મસ્વરૂપ છું."

# જય સચ્ચિદાનંદ

## ગુરુ પરંપરા

રણછોડભાઈ અઘેવાડા

ગુરૂ પરંપરા સનાતન કાળથી ચાલી આવે છે. શ્રી રામ, શ્રી કૃષ્ણ તથા દરેક દેવતાઓ પણ સદ્‌ગુરુની ઉપાસના કરીને તરી ગયા. તો ગુરુ ઉપાસના કેવા ગુરુની કરવી તે માણસોને પૂરતું જ્ઞાન હોતું નથી. રજો ગુણી જીવો સાધુઓને જોવે એટલે તેને ગુરુ માની બેસે છે. તો આવા ગુરુના રંગ અને રૂપ બદલાયેલા હોય છે. જેમ સ્કુલમાં શિક્ષક પુસ્તકમાં લખેલું જ્ઞાન આપે તો તેને ગુરુ કહેવાય. તેમજ ભગવા કપડા પહેરીને માનવને ઉપદેશ આપતા થયા છે અને રજોગુણી જીવોને બ્રહ્મ જ્ઞાન આપે છે. તો આવા જીવો સત્વ ગુણના અધિકારી હોય છે. મુમુક્ષ જન ને જ બ્રહ્મનો ઉપદેશ અપાય છે.

એકવાર એક માતા એક બાળકને તેના ગુરુ પાસે લઈને આવી, ગુરુજીને કહે છે કે ગુરુજી મારા બાળકને ઉપદેશ આપો. તે ગોળ ખાય છે. તો ગુરુજી કહે છે કે તમે દસ દિવસ પછી પાછા આવજો. આમ દસ-દિવસ પછી માતા બાળકને લઈને પાછી આવી ને ગુરુજીની પાસે બેસાડીને કહે છે કે ગુરુજી હવે મારા બાળકને ઉપદેશ આપો કે હવે ગોળ ન ખાય. ગુરુજીએ બાળકને માથે હાથ મૂકીને કહ્યું કે બેટા ગોળ ન ખવાય. બાળક કહે છે કે ગુરુજી આજથી હું ગોળ નહીં ખાવ ત્યારે આ સાંભળી તેની માતા બોલી કે ગુરુજી આ મંત્ર તો તમે પહેલા પણ આપી શકતા હતા, તો તમે અમને દસ-દિવસ પછી આવવાનું કેમ કહ્યું ? ત્યારે બાળકની માતાને ગુરુજી કહે છે કે ત્યારે હું પણ ગોળ ખાતો હતો. તો તેવા સમયમાં હું કેમ ઉપદેશ આપી શકું ? તે ઉપદેશ આપવાથી બાળકને ન લાગે એટલા માટે ન આપ્યો. જે સદ્‌ગુરુ જે ઉપદેશ આપે તે તેના જીવનમાં અને તેના આચરણમાં હોવું જોઈએ. તો તેવા સદ્‌ગુરુનો ઉપદેશ અને બોધ લાગે છે અને જેના સ્વરૂપ બદલાયેલા હોય છે. તેને સદ્‌ગુરુ કહેવાય છે અને રંગ-રૂપ બદલવાથી સદ્‌ગુરુ થવાતું નથી. આવા સદ્‌ગુરુના ચરણ-પદ પૂજવાથી ચૌદલોકનું પૂજન થાય છે. સદ્‌ગુરુને મારા કોટી કોટી પ્રણામ....

# ઉપશમ વૃતિ

ચંપકભાઈ બી. મીસ્ત્રી
ધર્મજ

**મળ્યો માણસનો દેહ ચિંતામણી રે,**
**તારા અંતરમાં રોગ છે અસાધ્ય,**
**નથી લેતો નારાયણ નામને રે.**

વારંવાર વિચાર કરવો કે, ભગવાને મને કૃપા કરીને આ મનુષ્ય દેહ આપ્યો છે. સારા કુળમાં જન્મ આપ્યો છે. હાથ પગ સારા રાખ્યા છે. બે અક્ષર ભણ્યો છું. વ્યવહારે સ્થિતિ સારી છે. એ એમની મારા ઉપર કૃપા છે. જો મને પશુ-પક્ષીના કે મનુષ્ય યોની સિવાયના કોઈ યોનીમાં નાખ્યો હોત તો હું ભગવાનનું ભજન શી રીતે કરી શકત અને ભવજળ કેવી રીતે તરી શકત ?

**ગુરૂનું ચરણ રે ભવજળ તારશે રે,**
**પહોચાડશે પેલે પાર રે,**
**જીવલડા સાચું રે શરણું સદ્‌ગુરૂ દેવનું રે,**

હું જો હવે એ નહીં કરું તો મારું આયુષ્ય એળે જશે. પંચવિષયો તો દરેક યોનિમાં મળે છે. તો મનુષ્ય જન્મમાં એનું દુર્લભપણુ નથી મોક્ષ નહીં થાય તો એ ચાળા તો દરેક યોનિમાં કરવાના જ છે.

પણ અત્યારે મારૂં કર્તવ્ય તો ભગવાને ભજીને આ છેલ્લો જન્મ સફળ કરી લેવાનો છે.

**તું તો સ્મરણ કર સચ્ચિદાનંદનું,**
**તારા અંતરમાં ધરીને ઉમંગ–અવસર આવો નહીં મળે,**

જીવ પ્રાણીમાત્રને દુઃખી થતાં જોઈએ તે વખતે તેમના ઉપરથી આપણી સ્થિતિનો ખ્યાલ લાવવો કે હે પ્રભુ જો કૃપા કરીને મને માનવદેહ ના આપ્યો હોત તો ગધેડાની પેઠે ભાર વેઠી વેઠીને અને ડફણા ખાઈને મરી જાત, ઊંટ થયો હોત તો કાંટા ઝાંખરા ખાઈ ખાઈને દુઃખી થાત આવો જયારે વિચાર આવે ત્યારે માનવ દેહની કિંમત સમજાય ને ઉપરાંત વિચાર કરવો કે ભગવાને કૃપા કરી માનવદેહ આપ્યો તો હું તેનો ઉપયોગ કેવો કરૂં છું ? હું તો વિષયમાં રચ્યો પચ્યો જ રહુ છું.

પ્રિતમદાસે પણ કહ્યું છે કે,

**વિષય ભૂતે તે તુજને ભમાવિયો,**
**તું તો બેઠો નહીં ઠરી ઠામ–અવસર આવે નહીં મળે.**

તો અન્ય યોનિવાળામાં અને મારામાં ફેર શો પેટ માટે અને વિષય માટે એટલે શિશ્ન અને ઉદર માટે તો બધાય ભટકે છે. પણ મે મારા આત્મ કલ્યાણ માટે શું કર્યુ. મને કાળ કયારે કોળીયો કરી જશે એનો ખ્યાલ નથી.

**કાળ ખાશે જે કે શે કહ્યું નહીં,**
**નથી માનતો ગાફલ ગમાર,**
**.....અવસર આવો નહિ મળે.**

પાણીના પરપોટા જેવી આ જિંદગી છે.

**આ જીવન તારૂં છે એવું પાણીના પરપોટા જેવુ,**
**પરપોટો પલમાં ફૂટનાર,ભજનમાં આવો નરને નાર.**

દર્ભના છોડના એક તણખલાના અગ્રભાગ ઉપર પાણીનું ટીપું પડયું હોય તેને જેમ સરી પડતા વાર લાગતી નથી તેમ આ દેહમાંથી જીવ જોતજોતામાં નીકળી જશે. ત્યારે પસ્તાવો કરવો પડશે.

**સંત દયા વિના નહી, દહાડો વળે**
**પછી પસ્તાવો થાશે દિલમાં તને,**
**તો યે ભક્તિમાં લક્ષ નથી,ભજન કેમ કરતો નથી,**
**તારો દેહ રહેવાનો નથી, ભજન કેમ કરતો નથી,**

માટે હે ચેત એમ વારંવાર વિચાર કરી માનવ દેહનાં મૂલ્યાંકન આંકી તે આપવા માટે ભગવાનનો અહોનિશ. ઉપકાર માની આત્મ કલ્યાણ સાધી લેવું પરમ કૃપાળુ પરમાત્મા સર્વોનું જીવન પ્રભુ પરાયણ બનાવે. માનવ જન્મને સાર્થક, કરવા સાથ આપે, અને સાચી શાંતિના ભાગીદાર બનાવે એવી પ્રાર્થના.

# ગુરુની કૃપા

ગોહિલ પૃથ્વીરાજસિંહ અજીતસિંહ
વસ્તડી

ગુરુ કૃપાનું કે મહાન સંત-કૃપાનું ઘણું વિશેષ મહત્ત્વ છે. આપણને મહાનગુરુ શ્રી માધવાનંદજી મહારાજ મળ્યા તેમની કૃપાથી જીવને માનવ-શરીર મળે છે અને આવા મહાન ગુરુની કૃપાથી ભગવાન મળે છે. આ દુનિયામાં લોકો એવું સમજે છે કે આપણે ગુરુ બનાવીશું, ત્યારે ગુરુ આપણા પર કૃપા કરશે. જેમ પોતપોતાના બાળકોનું બધા પાલન-પોષણ કરે છે. એવી જ રીતે કૂતરીઓ પણ પોતાનાં બચ્ચાઓનું પાલન કરે છે. પરંતુ સંત-કૃપા અને ગુરુ-કૃપાએ ઘણી વિલક્ષણ છે ! ગુરુને એક શિષ્ય હોય પછી બીજો શિષ્ય બને કે ન બને, તે ગુરુને પ્રેમ કરે કે વેર કરે, કે તે ગુરુની સેવા કરે કે ના કરે... એને સંતો કે સદ્‌ગુરુ કયારે પણ જોતા નથી. દીન દુઃખીને જોઈને ગુરુનું હૃદય પીગળી જાય છે અને એનાથી તેનું કામ થઈ જાય છે.

જગાઈ-મધાઈ પ્રસિદ્ધ પાપી હતા અને સાધુ-સંતો સાથે તે વેર રાખતા હતા, પણ ચૈતન્ય મહાપ્રભુએ પણ તેમના પર દયા કરીને તેમનો ઉદ્ધાર કરી દીધો.

ગુરુ બધાપર કૃપા કરે છે, પણ તે કૃપાને ગ્રહણ તો પરમાત્મ તત્ત્વનો જિજ્ઞાસુ જ કરી શકે છે, જેમ તરસ્યો માણસ જ વધારે ને વધારે પાણીને ગ્રહણ કરે છે. ખરેખર જે શિષ્યમાં કે સેવકમાં ઉદ્ધારની લગની જેટલી તીવ્ર હોય છે, સત્યત્ત્વની જિજ્ઞાસા જેટલી વધારે હોય છે, તેટલી જ વધારે તે ગુરુ-કૃપાને ગ્રહણ કરી શકે છે. આમતો એવા સાચા જિજ્ઞાસુ ઉપર તો સંત-કૃપા કે ગુરુ-કૃપા આપ મેળે જ થાય છે. ગુરુ-કૃપા થવાથી પછી કાંઈ બાકી રહેતું જ નથી. પરંતુ આવા ગુરુ-શિષ્યની જોડ જાળવી ઘણી દુર્લભ હોય છે.

**પારસ મેં અરુ સંત મેં, બહુત અંતરૌ જાન ।**
**વહ લોહા કંચન કરે, વહ કરૈ આપુ સમાન ॥**

પારસમણીથી લોઢું સોનું બની જાય છે, પરંતુ સોનામાં એવી તાકાત નથી હોતી કે બીજા લોઢાને પણ સોનું બનાવી દે.

પરંતુ જો સદ્‌ગુરુની કૃપા જો થાય તો ચેલો પણ ગુરુ બની જાય છે, મહાત્મા બની જાય છે, ગુરુ-કૃપા ચાર રીતે થાય છે.... **(૧) સ્મરણથી (૨) દ્રષ્ટિથી (૩) શબ્દથી અને (૪) સ્પર્શથી.**

(૧) જેમ કાચબી રેતીની અંદર ઈંડા મૂકે છે પણ તે પાણીની અંદર રહીને તે ઈંડાને યાદ કરે છે, આમ તેના સ્મરણથી ઈંડું પાકી જાય છે. એવી રીતે ગુરુના સ્મરણ કરવા માત્રથી શિષ્યને જ્ઞાન થઈ જાય છે, આ સ્મરણ એ 'સ્મરણ દીક્ષા' છે.

(૨) જેમ માછલી પાણીમાં પોતાના ઈંડાને થોડી થોડી વારે જોતી રહે છે તો આમ તેના જોવા માત્રથી ઈંડુ પાકી જાય છે, એવી જ રીતે ગુરુની કૃપા-દ્રષ્ટિથી શિષ્યને જ્ઞાન થઈ જાય છે, આ દ્રષ્ટિ એ 'દ્રષ્ટિ-દીક્ષા' છે.

(૩) જેમ ટીટોડી પૃથ્વીપર ઈંડા મૂકે છે અને આકાશમાં ઉડતા-ઉડતા તે શબ્દ કરતી રહે છે તો તેના શબ્દથી ઈંડુ પાકી જાય છે, આજ રીતે ગુરુ શબ્દોથી શિષ્યને જ્ઞાન કરાવી દે છે, આ શબ્દ એ 'શબ્દ દીક્ષા' છે.

(૪) જેમ ઢેલ પોતાના ઈંડા પર બેસીને તેના સ્પર્શથી ઈંડુ પાકી જાય છે એવી રીતે ગુરુના હાથના સ્પર્શથી શિષ્યને જ્ઞાન થઈ જાય છે, આમ સ્પર્શ એ 'સ્પર્શ-દીક્ષા' છે.

સૂર્યને કોઈ ઈષ્ટ માનશે, ત્યારે તે પ્રકાશ કરશે એવી વાત નથી. સૂર્ય તો આપમેળે પ્રકાશીત છે. એવી જ રીતે ગુરુની કૃપા આપમેળે સ્વભાવિક થાય છે. આપમેળે ગુરુની કૃપા વરસે છે. જે તેની સન્મુખ થઈ જાય છે, તે ગુરુની કૃપાનો લાભ લઈ લે છે, જેમ વરસાદ વરસે ત્યારે તેની સામે વાસણ રાખવાથી તે પાણીથી ભરાઈ જાય છે. પરંતું વાસણ ઊંધુ રાખીએ તો તેમાં પાણી ભરાતું નથી. આમ સંત-કૃપા કે ગુરુ-કૃપાને ગ્રહણ કરવાવાળું પાત્ર જેવું હોય છે, તેવો જ તેનો લાભ થાય છે.

## ભજન

**આશાબેન ચમારડી**


ભૂલતો નહીં તું ભૂલતો નહીં, મુખેથી સચ્ચિદાનંદ ભૂલતો નહીં,
ભૂલતો નહીં તું ભૂલતો નહીં, મુખેથી માધવાનંદ ભૂલતો નહીં.
જેવો જંખે છે તેવો દાવ આવ્યો હાથમાં
આવ્યા છો એકલાને કોઈ નહીં સાથમાં
માયાનું સુખ જોઈ ફૂલતો નહીં.... મુખે માધવાનંદ ભૂલતો
માયાનું સુખ તો સપના રે જેવુ,
આખર વેળાએ દુઃખ દેનારૂં,
માયાનાં રંગમાં ડૂબતો નહીં.... મુખે માધવાનંદ....
ગજા વિના ભાર શીદને ઉપાડતો
કરજે ઉપકાર એનો બદલો ન વાળતો
ઉરમાં અહંકાર લાવતો નહીં.... મુખે માધવાનંદ....
દુનિયાના ઝેર બધા શિખજે પચાવતા
ગરજારુ લોક બધા બોલે મન ફાવતા
આપ બડાઈ સુણી ફૂલતો નહીં... મુખે માધવાનંદ....
ગુરુ કથા એ મોટો છે લ્હાવો
અખંડાનંદમાં સદાય મ્હાલો
આવેલો દાવ બગાડતો નહીં... મુખે માધવાનંદ....

### ખાસ સૂચના

**પ.પૂ. સ્વામીજીની આજ્ઞા છે.**

જે વેદ રહસ્ય અંકના આજીવન સભ્ય સ્વર્ગવાસ થયેલ છે. તેનું આજીવન પુરૂ થાઈ છે. તો નવું લવાજમ ભરી સભ્ય થવા ખાસ સુચના છે. નહીતર આવતા મહીને અંક બંધ કરવામાં આવશે.

## પરમ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીનો આ મહિનાનો કાર્યક્રમ



:: પ્રવક્તાશ્રી ::

તા. ૧૪/૧૦/૨૦૧૪ વડોદરા
તા. ૧૫/૧૦/૨૦૧૪ વિદ્યાનગર-બાકરોલ શ્રી માધવગુરુકુળ
તા. ૧૬/૧૦/૨૦૧૪ સાંજે સુઘડ શ્રી આંતરરાષ્ટ્રીય માધવાનંદ આશ્રમ
તા. ૨૦/૧૦/૨૦૧૪ ઓઝરાળા
તા. ૨૧/૧૦/૨૦૧૪ બપોરે ધોળકા, સાંજે આકરૂ
તા. ૨૨/૧૦/૨૦૧૪ બપોરે ચોગઠ-કોશિયા હીરાભાઈ શામજીભાઈના ઘરે ઉતરશે.
તા. ૨૩/૧૦/૨૦૧૪ દિવાળી
તા. ૨૪/૧૦/૨૦૧૪ બપોર પછી પાલડી મુકામે પધારશે.
તા. ૨૫/૧૦/૨૦૧૪ થી તા. ૩૧/૧૦/૨૦૧૪ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ
તા.૦૧/૧૧/૨૦૧૪ થી તા. ૭/૧૧/૨૦૧૪ ચાણોદ યુવામંડળ યુવા શિબિર.


# "શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ"

જયશ્રી સચ્ચિદાનંદ સાથ જણાવવાનું કે પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીના આશીર્વાદથી પાલડી ગામના આંગણે નુતન વર્ષે સંવત ૨૦૭૧ કારતક સુદ બીજને શનિવાર તા. ૨૫/૧૦/૨૦૧૪ ના શુભ દિવસે શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાન યજ્ઞનું સુંદર આયોજન કરેલ છે.

**:: વ્યાસપીઠ પર બીરાજશે ::**

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય માધવાપીઠાધિશ્વર શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રી વ્યાસપીઠ પર બીરાજી કથા રસપાન કરાવશે. તો આ અવસર પર જ્ઞાન ગંગાનો લાભ લેવા. સ્વ. જેરામદાદા ભરોડીયા પરિવારનું હાર્દિક નિમંત્રણ છે.

- ગુરૂગીતા પાઠ :- રોજ સવારે ૬.૦૦ કલાક
- પોથીયાત્રા :- કારતક સુદ ૨ ને શનિવાર તા. ૨૫/૧૦/૨૦૧૪ સવારે ૮.૩૦ કલાકે
- કથા પ્રારંભ :- કારતક સુદ ૨ ને શનિવાર તા. ૨૫/૧૦/૨૦૧૪ સવારે ૧૦.૩૦ કલાકે
- કૃષ્ણજન્મોત્ત્સવ :- કારતક સુદ ૬ ને બુધવાર તા. ૨૯/૧૦/૨૦૧૪ સાંજે ૫.૦૦ કલાકે
- કથા પૂર્ણાહૂતી :- કારતક સુદ ૮ ને શુક્રવાર તા. ૩૧/૧૦/૨૦૧૪ સાંજે ૪.૩૦ કલાકે
- કથા સમય :- સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ અને બપોરે ૩.૦૦ થી ૫.૩૦ સુધી
- નાસ્તો :- દરરોજ સવારે ૭.૦૦ કલાકે
- મહાપ્રસાદ :- બપોરે ૧૨.૦૦ કલાકે, સાંજે ૭.૦૦ કલાકે
- કથા સ્થળ :- માધવધામ, મુ. પાલડી, તા. શિહોર, જી. ભાવનગર.
- આયોજક :- સ્વ. જેરામદાદા ભરોડિયા પરિવારના જય સચ્ચિદાનંદ....



:: પ્રવક્તાશ્રી ::

**"શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ"**

<u>વક્તા :- પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય</u>

- કથા પ્રારંભ :- તા. ૨૮/૧૦/૨૦૧૪ ને મંગળવાર
- કૃષ્ણજન્મોત્ત્સવ :-તા. ૩૧/૧૦/૨૦૧૪ ને શુક્રવાર
- કથા પૂર્ણાહૂતી :- તા. ૦૩/૧૧/૨૦૧૪ ને સોમવાર
- મહાપ્રસાદ :- સાંજે ૬.૦૦ કલાકે
- કથા સ્થળ :- શ્રી માધવાનંદ આશ્રમ, બાલમંદિર પાસે, ઉગમણી ભાગોળ, મુ. વામજ, તા. કડી, જી. મહેસાણા. મો. ૯૯૭૯૩ ૫૮૨૯૯
- આયોજક :- સ્વ. શંકરદાસ અમીચંદ દાસ પટેલ, શ્રી ગાંડાભાઈ શંકરદાસ પટેલ, શ્રી મનસુખભાઈ શંકરદાસ પટેલ, શ્રી ચંદુભાઈ શંકરદાસ પટેલ



:: પ્રવક્તાશ્રી ::

૨૦૭૧ નવા વર્ષના પ્રારંભ **''શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ''** (૪૦૧)મુ.ધારૂકા
વક્તા - પ.પૂ. સ્વામીશ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

- કથા પ્રારંભ :- કારતક સુદ ભાઈબીજને શનિવાર તા. ૨૫/૧૦/૨૦૧૪
- કૃષ્ણ જન્મોત્સવ :-કારતક સુદ છઠ્ઠને તા. ૨૯/૧૦/૨૦૧૪
- કથા પૂર્ણાહૂતી :- કારતક સુદ આઠમને તા. ૩૧/૧૦/૨૦૧૪
- કથા સમય :- સવારે ૯ થી ૧૨, બપોરે ૩ થી ૬
- કથા સ્થળ :- શ્રી વૃંદાવન ધામ, મુ, ધારૂકા, તા. ઉમરાળા, જી. ભાવનગર
- આયોજક :- ભગવાનભાઈ જાદવભાઈ માણીયા(મો.૯૮૨૪૪ ૪૧૪૧૭)

---

૨૦૭૧ નવા વર્ષના પ્રારંભ **''શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ''** (૪૦૨) મુ. આસોદર
વક્તા - પ.પૂ. સ્વામીશ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

- કથા પ્રારંભ :- સંવત ૨૦૭૧ કારતક સુદ ૧૨ ને મંગળવાર તા. ૦૪/૧૧/૨૦૧૪
- કૃષ્ણ જન્મોત્સવ :-કારતક વદ ૨ ને શનિવાર તા. ૦૮/૧૧/૨૦૧૪
- કથા પૂર્ણાહૂતી :- કારતક વદ ૪ ને સોમવાર તા. ૧૦/૧૧/૨૦૧૪
- કથા સ્થળ :- આનંદ ભૂમી, ઊડી ફળીયામાં, મુ. આસોદર.
- આયોજક :- પઢીયાર મનુભાઈ મેલાભાઈ, પઢીયાર ઉદેયસિંહ પુનમભાઈ, પઢીયાર નરસિંહભાઈ મંગળભાઈ, પઢીયાર જીણાભાઈ શંકરાભાઈ તથા સચ્ચિદાનંદ મંડળ

---

૨૦૭૧ નવા વર્ષના પ્રારંભ **''શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ''** (૪૦૩) મુ. નવાખલ
વક્તા - પ.પૂ. સ્વામીશ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

- કથા પ્રારંભ :- સંવત ૨૦૭૧ કારતક વદ ૭ ને શુક્રવાર તા. ૧૪/૧૧/૨૦૧૪
- કૃષ્ણ જન્મોત્સવ :-કારતક વદ ૧૧ ને મંગળવાર તા. ૧૮/૧૧/૨૦૧૪
- કથા પૂર્ણાહૂતી :- કારતક વદ ૧૩ ને ગુરૂવાર તા. ૨૦/૧૧/૨૦૧૪
- કથા સ્થળ :- મુ. નવાખલ, તા. આંકલાવ, જી. આણંદ.
- આયોજક :- છત્રસિંહ ચતુરભાઈ જાદવ, ગોપાલભાઈ છત્રસિંહ જાદવ, મનુભાઈ છત્રસિંહ જાદવ

---



:: પ્રવક્તાશ્રી ::

જયશ્રી સચ્ચિદાનંદ સાથ જણાવવાનું કે પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય વ્યાસપીઠ પર બીરાજી **''શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ''** નું દિવ્ય મંગળમય જ્ઞાન કથા રસ પાન કરાવશે તો સર્વ સેવકને લાભ લેવા આમંત્રણ છે.

- પોથીયાત્રા :- તા. ૨૫/૧૦/૨૦૧૪ ને શનિવારના સવારે ૯.૦૦ કલાકે ૧૦૧, વ્રજ એપાર્ટ., પન્ના ટાવર સામે, ન્યુ. રાંદેર રોડ, અડાજણથી નીકળી કથા સ્થળે જશે.
- કથા પ્રારંભ :- તા. ૨૫/૧૦/૨૦૧૪ ને શનિવાર
- કૃષ્ણ જન્મોત્સવ :-કારતક સુદ ૫ને મંગળવાર તા. ૨૮/૧૦/૧૪ ને સાંજે ૫.૩૦
- કથા પૂર્ણાહૂતી :- તા. ૩૧/૧૦/૨૦૧૪ ને શુક્રવાર
- કથા સમય :- સવારે ૯.૦૦ થી ૧૧.૩૦, બપોરે ૩.૩૦ થી ૬.૦૦
- કથા સ્થળ :- માધવધામ, ડી.ટી.ફાર્મ, જલારામ મંદિર સામે, એલ.પી.સવાણી રોડ, અડાજણ સુરત.
- મહાપ્રસાદ :- દરરોજ બપોરે ૧૧.૪૫ કલાકે
- આયોજક :- દિહોરા પરિવાર, શ્રી પ્રાગજીભાઈ હરજીભાઈ (મો. ૯૮૨૫૧ ૪૮૭૩૨)

**જય સચ્ચિદાનંદ**

# પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી તા. ૨૬/૦૯/૧૪ ના રોજ સુરત શ્રી માધવાનંદ આશ્રમમાં આપતા આશીર્વચન...



## આનંદી આત્મા

ગાબાણી રસિલાબેન આંબાભાઈ
પીપળીયા

આનંદી આત્મા તું આનંદમાં રે જે,
સુખ દુઃખ આવે ને જાય,...આત્મા તું આનંદમાં રે જે,
સગવડ એ સુખ છે અગવડ એ દુઃખ છે,
મનના માનેલા સુખ દુઃખ,...આત્મા તું આનંદમાં રે જે,
ભાગ્યમાં હોય તે ભોગવી લેવાનું,
સમય સમય છે બળવાન,...આત્મા તું આનંદમાં રે જે,
હાથથી મેળવેલું વાપરી લેવાનું,
દેવા વાળો છે દાતાર,...આત્મા તું આનંદમાં રે જે,

ચડતીને પડતી આવે જીવનમાં,
માટે તું હિંમત ન હાર,...આત્મા તું આનંદમાં રે જે,
હરીનું નામ તારા રૂદિયામાં રાખજે,
પ્રેમથી પ્રભુ રાજી થાય,...આત્મા તું આનંદમાં રે જે,
આરે સંસારમાં ગોથાનો ખાતો,
હરી કરે તેમ થાય,...આત્મા તું આનંદમાં રે જે,
સંત પાસે ભક્તિનો ખજાનો,
મારો તું હૈયાનો હાર,...આત્મા તું આનંદમાં રે જે.


:: સૌજન્ય ::

ભરોડિયા કન્સ્ટ્રક્શન પ્રા. લિ.
વિનોદભાઈ ભરોડિયા એન્ડ અક્ષયભાઈ પચ્ચીગર

Regd. No. S.R.H.O./
Valid Up to
RNI. No. GUJ.GUJ./2000/2499

**Printed Book**



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી
તા. ૧૪/૦૯/૨૦૧૪ ના રોજ મુંબઈમાં સેવકોને આપતા આશીર્વચન.

**BOOK POST**

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

**If Not Delivered Please Return To :-**
**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-